
પરિચય પુસ્તિકા – ૧૪૧૫ (માસિક)

# પુરાતત્ત્વાચાર્ય : મુનિ શ્રી જિનવિજયજી

રમેશ ઓઝા

Vol. 3 Issue No. 23 Dec. 2017



પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ (વર્ષ ૫૯)

પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ

આદ્ય સંપાદકો

વાડીલાલ ડગલી • યશવંત દોશી

# પુરાતત્ત્વાચાર્ય મુનિ શ્રી જિનવિજયજી

રમેશ ઓઝા

માર્ગદર્શક
સુરેશ દલાલ

પરિચય ટ્રસ્ટ
મુંબઈ

સૌજન્ય: જન્મભૂમિ ગ્રૂપ ઑફ ન્યૂઝપેપર્સ, સૌરાષ્ટ્ર-ટ્રસ્ટ

Oza, Ramesh
Puratattvacharya : Muni Shri Jinvijayji : Biography
Parichay Trust, Mumbai
2017

[વર્ષ ૨૦૧૭ની પુસ્તિકા નં. ૨૩]

વીસ રૂપિયા

પ્રથમ આવૃત્તિ: ૨૦૧૭

© રમેશ ઓઝા

*પ્રકાશક*

**પરિચય ટ્રસ્ટ**

મહાત્મા ગાંધી મેમોરિયલ બિલ્ડિંગ,
નેતાજી સુભાષ રોડ, ચર્ની રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૨
ફોન: ૨૨૮૧ ૪૦૫૯

**આવરણ: સોલંકી બાલકૃષ્ણ**
**લેઆઉટ/ટાઇપસેટિંગ:**
આલોક વ્યાસ, **ઇમેજ પબ્લિકેશન્સ પ્રા. લિ.**, અમદાવાદ

*મુદ્રક*

મુદ્રેશ પુરોહિત, **સૂર્યા ઑફસેટ**
આંબલી, અમદાવાદ ૩૮૦ ૦૫૮

*મુખ્ય વિક્રેતા*

**ઇમેજ પબ્લિકેશન્સ પ્રા. લિ.**

૧૯૯-૧ ગોપાલ ભુવન, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૪૦૦ ૦૦૨
ફોન : ૨૨૦૦ ૨૬૯૧, ૨૨૦૦ ૧૩૫૮

•

૧-૨, સેન્ચૂરી બજાર, આંબાવાડી સર્કલ, અમદાવાદ ૩૮૦ ૦૦૬
ફોન: ૨૬૫૬ ૦૫૦૪, ૨૬૪૪ ૨૮૩૬

# પુરાતત્ત્વાચાર્ય
# મુનિ શ્રી જિનવિજયજી
## (૨૭, જાન્યુ. ૧૮૮૮ – ૩, જૂન ૧૯૭૬)

એ વખતની વાત છે, જ્યારે ઈ. સ. ૧૯૧૭ની છઠ્ઠી જુલાઈએ, પૂનામાં ભાંડારકર ઑરિએન્ટલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટની સ્થાપના થઈ ચૂકી હતી. પૂનાની ડેક્કન કૉલેજનો, મૂલ્યવાન જૂની જૈનહસ્તપ્રતોનો સરકારી ગ્રન્થભંડાર આ ઇન્સ્ટિટ્યૂટમાં ખસેડવામાં આવ્યો હતો. સંસ્થાને આર્થિક દૃષ્ટિએ સદ્ધર કરવાની તાતી જરૂર હતી, તેથી ભાંડારકર ઇન્સ્ટિટ્યૂટના સ્થાપકોનું એક મંડળ મુંબઈ જૈન સમાજને મળવા ગયું હતું. એ વખતે ત્યાં પૂ. પ્રવર્તક કાન્તિવિજયજીનો ચાતુર્માસ ચાલતો હતો. સાથે એમની સેવામાં એક અજાનબાહુ, વિદ્વાન યુવા જૈનમુનિ જિનવિજયજી (ઈ. સ., ૧૯૧૭માં) પણ હતા. પૂ. પ્રવર્તક કાન્તિવિજયજી એમના ગુરુ હતા, તેઓ અનેક જૈનભંડારોના સમુદ્ધારક તેમ જ કિંમતી ગ્રન્થોના પ્રકાશક હતા. મુનિશ્રી જિનવિજયજીએ પૂર્વે (ઈ. સ. ૧૯૧૬) વડોદરામાં પૂ. કાન્તિવિજયજીની પુનિત સ્મૃતિ રૂપે જૈનભંડારોમાં અત્રતત્ર પડેલી ઐતિહાસિક સાધનસામગ્રીને પ્રગટ કરવા મુનિ શ્રી પુણ્યવિજયજીની સાક્ષીએ 'પ્રવર્તક કાન્તિવિજય જૈન ઐતિહાસિક ગ્રન્થમાળા' શરૂ કરી હતી. પૂનાથી આવેલા જૈન મંડળને મુનિશ્રી જિનવિજયજીએ ત્યાંની મુંબઈની જૈન સંસ્થા દ્વારા સદ્ગત શ્રી લાલભાઈ કલ્યાણભાઈ ઝવેરીની મદદથી ૨૫,૦૦૦/- રૂા.ની વ્યવસ્થા

કરી આપી હતી. મુનિશ્રીએ પૂનાના ડેક્કન કૉલેજના સમૃદ્ધ જ્ઞાનભંડારને જોવાની ઇચ્છા વ્યક્ત કરી, જૈન મંડળે મુનિશ્રીને પૂના આવવા આમંત્રણ પાઠવ્યું. થોડા સમયમાં, ઈ. સ. ૧૯૧૮માં, પ્રબળ જ્ઞાનપ્રાપ્તિની જિજ્ઞાસાને તોષવા, પૂ. પા. પ્રવર્તકજી મહારાજની અનુમતિ લઈ મુનિ જિનવિજયજી મુંબઈથી પગપાળા પૂના ગયા. પૂના વિદ્યાનું કેન્દ્ર હતું. દુર્લભ હસ્તપ્રતો જોઈને મુનિશ્રીને અકલ્પ્ય આનંદ થયો. અનેક વિદ્વાનોનો પણ ત્યાં પરિચય થયો. અહીં લોકમાન્ય ટિળક, પ્રો. રાનડે, પ્રો. ધોંડો કેશવ કર્વે, પ્રો. બેલ્વલકર જેવા વિદ્વાનોનો પરિચય થયો. પ્રો. રસિકલાલ છો. પરીખ એ વખતે ત્યાંની ફર્ગ્યુસન કૉલેજમાં ભણતા હતા ને ભાંડારકર ઇન્સ્ટિટ્યૂટની હસ્તપ્રતોની વર્ણનાત્મક સૂચિ તૈયાર કરવામાં મુનિજીને મદદ કરતા હતા. સંસ્કૃત-પ્રાકૃત ભાષાના વિદ્વાન તેમજ ભાષાવિજ્ઞાનના અભ્યાસી ડૉ. પાંડુરંગ ગુણે જર્મનીની લેપ્સિંગ યુનિ.ની પીએચ.ડી. (ઈ. સ. ૧૯૧૩)ની ઉપાધિ પ્રાપ્ત કરી, અહીંની ન્યૂ ઇંગ્લીશ સ્કૂલમાં જર્મન ભાષા શીખવતા હતા. મુનિ જિનવિજયજીને એમનો પણ ઘનિષ્ઠ પરિચય થયો. મુનિજીએ ડૉ. ગુણેને, જૈન ભંડારોમાં અપભ્રંશ ભાષા-સાહિત્યની સચવાયેલી અસંખ્ય હસ્તપ્રતોનો ખ્યાલ આપ્યો. ડૉ. ગુણે પણ મુનિશ્રી સાથે ઉત્સાહથી આ વિદ્યાકાર્યમાં જોડાયા. ત્યાં મુનિશ્રીના વડોદરા નિવાસી મિત્ર અને સુહૃદ શ્રી ચિમનલાલ દલાલના અવસાનના સમાચાર આવ્યા. શ્રી દલાલ વડોદરાની 'ગાયકવાડ્સ ઑરિએન્ટલ સિરીઝ'ના મુખ્ય સંપાદક હતા. શ્રી દલાલનું એક અધૂરું રહેલું 'ભવિસ્સયત્તકહા'નું

સંપાદનકાર્ય, મુનિજીએ એ સિરીઝના મુખ્ય વ્યવસ્થાપક શ્રી કુડાલકરને સૂચના આપીને, ડૉ. ગુણેને સોંપ્યું.

મહાકવિ પુષ્પદંતની 'તિસઠ્ઠીલક્ખણ મહાપુરાણ' અને કવિ સ્વયંભૂકૃત 'પઉમચરિઉ' તેમ જ 'હરિવંસપુરાણ'ની પ્રતો પણ પૂનાના આ સંગ્રહમાં સુરક્ષિત સચવાયેલી હતી. વિદ્વાન પંડિત શ્રી નાથુરામજી પ્રેમી પણ પૂના આવતા અને મુનિશ્રીને ત્યાં વિદ્યાવ્યાસંગ અર્થે રોકાતા. જૈન સાહિત્યના વિપુલ સાહિત્ય-પ્રકાશન-સંશોધન અંગે મુનિશ્રીએ 'જૈન સાહિત્ય સંશોધક' નામનું ત્રૈમાસિક શરૂ કર્યું. એ ત્રૈમાસિકમાં પંડિત નાથુરામજીએ 'પુષ્પદન્ત અને એનું મહાપુરાણ' વિશે વિસ્તૃત પરિચયાત્મક લેખ લખ્યો અને અપભ્રંશ સાહિત્યના એક મહાકવિના ગ્રન્થનો વિદ્વાનોને પરિચય કરાવી આપ્યો. આ ત્રૈમાસિકનો ઉદ્દેશ જૈન સાહિત્ય-ઇતિહાસ, તત્ત્વજ્ઞાન વગેરે વિશે હિન્દી, ગુજરાતી તેમજ અંગ્રેજીમાં સચિત્ર લેખો પ્રગટ કરવાનો હતો. મૌલિક સંશોધનાત્મક લેખો, પ્રાચીન કૃતિઓ તેમજ જર્મન કે અંગ્રેજી ભાષામાં પ્રગટ થયેલા સંશોધનાત્મક લેખોના અનુવાદો એમાં પ્રકાશિત થતા હતા.

ઈ. સ. ૧૯૧૯માં અખિલ ભારત પ્રાચ્ય વિદ્યાપરિષદ (ઑલ ઇન્ડિયા ઑરિએન્ટલ કૉન્ફરન્સ)નું પહેલું અધિવેશન પૂનામાં મળ્યું. જર્મનીની ગોરિંજન યુનિ. દ્વારા પીએચ.ડી.ની ડિગ્રી (ઈ. સ. ૧૮૮૫) પ્રાપ્ત કરીને, મુંબઈ યુનિ.ના કુલપતિ (ઈ. સ. ૧૮૯૩) રહી ચૂકેલા આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા પુરાતત્ત્વવિદ ડૉ. રામકૃષ્ણ ગોપાળ ભાંડારકર એ અધિવેશનના પ્રમુખ હતા. ડૉ. પિશલની જેમ પ્રાકૃત

ભાષાના પ્રૌઢ પંડિત અને જર્મનીમાં જૈન સાહિત્યના અધ્યયન-સંશોધનના પ્રમુખ પુરસ્કર્તા ડૉ. હર્મન યાકોબી પણ આ અધિવેશનમાં હાજર હતા. જો કે યાકોબી અનેકવાર વિદ્યાભ્યાસ અર્થે ભારત આવતા રહેતા. ઈ. સ. ૧૮૭૪માં જર્મન વિદ્વાન બ્યુલરે ઊંટ ઉપર મુસાફરી કરીને જેસલમેરના ગ્રંથો તપાસ્યા ત્યારે ડૉ. હર્મન યાકોબી પણ સાથે હતા. દેશ-વિદેશના પ્રાચ્યવિદ્યા સંશોધન અંગેનું આ પહેલું સંસ્થાકીય સંમેલન હતું. આ સંમેલનમાં મુનિશ્રીએ પણ પૂર્ણ સહયોગ આપ્યો. પરિષદમાં એમણે 'હરિભદ્રાચાર્યસ્ય સમયનિર્ણયઃ' નામે એક સંસ્કૃત નિબંધ રજૂ કર્યો. નિબંધ આધુનિક સંશોધનપદ્ધતિ અનુસાર, પ્રૌઢ સંસ્કૃત ગદ્યમાં હતો. હરિભદ્રસૂરિનો સમય ઈ. સ. ૭૦૧ થી ૭૭૧ સુધીનો છે, એવું મુનિજીએ અકાટ્ય પ્રમાણો દર્શાવીને સિદ્ધ કર્યું છે. ડૉ. હર્મન યાકોબી ત્યાં હાજર હતા. યાકોબીએ હરિભદ્રસૂરિકૃત પ્રાકૃત ગ્રંથ 'સમરાઇચ્ચ કહા'નું સંપાદન અગાઉ કર્યું હતું. મુનિજીએ સિદ્ધ કરેલા હરિભદ્રસૂરિના સમયનિર્ણય વિશેનો તર્કબદ્ધ લેખ સાંભળીને ડૉ. યાકોબીએ પોતાનો મત બદલીને, મુનિજીના સમર્થનમાં એમનો મુક્તકંઠે સ્વીકાર કર્યો હતો. પંડિત સુખલાલજીએ જ્યારે 'સમદર્શી આચાર્ય હરિભદ્ર' વિશે મુંબઈ યુનિવર્સિટીમાં વ્યાખ્યાનો આપ્યાં ત્યારે આ વિદ્યાવર્ધક હકીકતની નોંધ લીધી હતી. ઉત્તરકાળમાં મુનિજીએ ચિત્તોડમાં હરિભદ્રસૂરિ સ્મૃતિમંદિર (સ્મારક) ઊભું કર્યું હતું.

પૂનાની જૈન સાહિત્ય સંશોધક સમિતિએ મુનિશ્રીના અન્ય સંપાદિત ગ્રન્થો પણ પ્રગટ કર્યાઃ 'ખરતર ગચ્છ

પટ્ટાવલિ સંગ્રહ', 'આચારાંગ સૂત્ર', 'કલ્પ-વ્યવહાર-નિશીથ સૂત્રાણિ', 'જીતકલ્પસૂત્ર', 'વિજયદેવમાહાત્મ્ય' આદિ.

ઈ. સ. ૧૯૨૦માં મુનિશ્રી ઈન્ફલુએન્ઝાના જ્વરમાં સપડાયા. અમદાવાદથી પં. સુખલાલજીએ શ્રી રમણીકલાલ મોદી અને એમનાં પત્ની તારાબેનને મુનિજીની સારવાર માટે પૂના મોકલ્યાં. દંપતીએ ઠીક સારવાર કરી. સ્વામી સ્વસ્થ થયા. મુનિશ્રીનું પૂનાનું નિવાસસ્થાન લોકમાન્ય ટિળકના નિવાસ પાસે હતું. ઇતિહાસ, પ્રાચ્ય સંસ્કૃતિ તેમ જ સંશોધન પરત્વે ટિળકનાં રસ-રુચિ તેમ જ જ્ઞાન અગાધ હતાં. મુનિજીનો એમનાથી પરિચય થાય એ સહજ હતું. ટિળકના સ્વાધીનતા અંગેના વિચારો તેમજ રાજનૈતિક વિચારોથી મુનિજી પ્રભાવિત થયા. દેશ જ્યારે પરાધીન હોય ત્યારે આમ નિષ્ક્રિય સાધુજીવન કે બાહ્ય ત્યાગી જીવન મુનિજીને કઠતું હતું. તેઓ કોઈ નવા માર્ગની શોધમાં હતા. ત્યાં ઈ. સ. ૧૯૧૯માં પૂનાની સર્વેન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટીના ભવનમાં મુનિજી મહાત્મા ગાંધીને મળી ચૂક્યા હતા. ગાંધીજીએ અસહકારનું આંદોલન આરંભ્યું. અંગ્રેજી શિક્ષણના બહિષ્કાર સાથે, રાષ્ટ્રીય શિક્ષાપદ્ધતિ ઊભી કરવાના વિચારને ગાંધીજી અમદાવાદમાં મૂર્તિ રૂપ આપવા માગતા હતા. રાષ્ટ્રીય વિદ્યાપીઠ સ્થાપવાનો ગાંધીજીનો વિચાર હતો. એ વખતે ગાંધીજીએ મુનિશ્રી જિનવિજયજીને યાદ કર્યા. જો કે મિત્રો દ્વારા મુનિશ્રીને એ માહિતી મળી ચૂકી હતી કે ટૂંક સમયમાં સ્થપાનારી વિદ્યાપીઠમાં પોતાને ફાળે મહત્ત્વની ભૂમિકા આવવાની છે. આસો સુદ તેરસનો દિવસ હતો. મુંબઈ ગાંધીજીને મળવા જવાનું હતું. એક

વિદ્યાર્થી સાથે ટ્રેઇનની ટિકિટ મંગાવી. પોતે જે રૂમમાં રહેતા હતા. તેમાં કેટલાંક પુસ્તકો અને થોડો સામાન હતો. એ જેમનો તેમ રાખીને તાળું મારીને ચાવી વિદ્યાર્થીને આપી દીધી. પોતે સાધુવેશમાં જ ગાડીમાં બેસી મુંબઈ ઊપડ્યા. જીવનનો આ નવો બળાંક હતો. ઈ. સ., ૧૯૧૯માં જ્યારે સાધુજીવનના માર્ગે પ્રયાણ કર્યું ત્યારે પણ એ દિવસ આસો સુદ તેરસનો હતો. મુંબઈ બોરીબંદર સ્ટેશને ઊતર્યા. ઘોડાગાડી કરી ગોરેગાંવ ચંદાવાડી ગયા. સાથે એમના ઘનિષ્ઠ મિત્ર નાથુરામજી પ્રેમી હતા. ગાંધીજીને મળવાનો સંદેશો જેમના દ્વારા મળ્યો હતો, તે શેઠશ્રી જમનાલાલજી બજાજ પણ સાથે જ હતા. બીજે દિવસે મણિભવનમાં ગાંધીજીને મળ્યા. ગાંધીજીએ ક્ષેમકુશળના સમાચાર પૂછ્યા. મુનિજીને મળીને વિદ્યાપીઠની યોજના બનાવવા અંગે વાત કરી. એ જ દિવસે પોતાની સાથે અમદાવાદ આવવા ગાંધીજીએ મુનિજીની રેલવેની ટિકિટનો પ્રબંધ કરાવ્યો. કોલાબા સ્ટેશનથી, બીજા વર્ગના કમ્પાર્ટમૅન્ટમાં, ગુજરાત મેલમાં અમદાવાદ જવાનું નક્કી થયું. ગાંધીજીની રિઝર્વ સીટ પણ સાથે જ હતી. ગાંધીજી આણંદ સ્ટેશને ઊતરીને ડાકોર, શરદપૂનમના મેળામાં અસહકારના આંદોલન અંગે લોકોને જાગ્રત કરવા એક સભાને સંબોધવા ગયા. ત્યાં આણંદ સ્ટેશને અમદાવાદથી અનેક લોકો આવ્યા હતા. એમાં ગાંધીજીના એક અંતેવાસી સી. એફ. ઍન્ડ્રુઝ હતા. ગાંધીજીએ મુનિશ્રીનો પરિચય ઍન્ડ્રુઝને કરાવ્યો. બીજે દિવસે ગાંધીજી અમદાવાદ આવ્યા. મુનિજીને એમની સાથે ગાડીમાં બેસાડ્યા. સાબરમતી આશ્રમમાં ગયા. ગાંધીજીએ

પોતાના બેઠક રૂમમાં જ મુનિશ્રીનો સામાન મુકાવ્યો ને કસ્તૂરબાને મુનિશ્રીના આહારવિહાર વિશે ઝીણી ઝીણી બાબતો સમજાવી. આશ્રમના અન્ય શ્રેષ્ઠીઓ તેમ જ વિદ્વદ્જનોને મુનિજીનો સાહિત્ય અને તત્ત્વજ્ઞાનના ઊંડા અભ્યાસી તરીકે પરિચય કરાવ્યો. વિશેષમાં કસ્તૂરબાને કહ્યું, 'મુનિજી પૂનામાં સાહિત્ય અને શિક્ષણની વિશિષ્ટ પ્રવૃત્તિ કરી રહ્યા છે, ત્યાં વિદ્વાનોમાં આદરપાત્ર છે, અને આપણે જે રાષ્ટ્રીય વિદ્યાપીઠ ઊભી કરવા જઈ રહ્યા છીએ, એમાં તેઓ પોતાની સેવા આપવા માગે છે, એટલે એમને અહીં આમંત્રિત કર્યા છે.' રાષ્ટ્રીય વિદ્યાપીઠના અનુસંધાનમાં શ્રી કિશોરલાલ મશરૂવાળા, શ્રી નરહરિ પરીખ, શ્રી ઇન્દુલાલ યાજ્ઞિક, શ્રી રા. વિ. પાઠક, શ્રી રસિકલાલ પરીખ વગેરે સાથે ચર્ચા-વિચારણા થતી રહી. મુનિજી પોતાના સાધુજીવનના આચાર-વ્યવહાર બદલવા માગતા હતા, પોતાના મનોમંથનને અનુકૂળ રહેવા સાધુવેશ તેમ જ આહાર-વિહારમાં પરિવર્તન લાવવા ઝંખતા હતા. દેશના એક સામાન્ય સેવક તરીકે વિદ્યાપીઠમાં જોડાવા માગતા હતા. વિદ્યાપીઠમાં જોડાતાં પહેલાં પૂના જઈને જાહેર વક્તવ્ય દ્વારા એ પોતાનો મનોભાવ જાહેર કરવા માગતા હતા. ગાંધીજીએ એમ કરવા મુનિજીને અનુમતિ આપી.

અનુમતિ લઈને, મુનિજી પહેલાં કાઠિયાવાડના વઢવાણ પાસેના લીમડી ગામે ગયા. મુનિજીના સુહૃદમિત્ર અને સાથી પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી નાદુરસ્ત તબિયતને કારણે લીમડીમાં રોકાયા હતા. મુનિજીએ પંડિતજીને રાષ્ટ્રીય

વિદ્યાપીઠ સંદર્ભે ગાંધીજી સાથે થયેલા વિચાર-વિમર્શની તેમજ ભાવિ કાર્યક્રમ અંગે બધી વાત કરી.

ઈ. સ., ૧૯૨૦ની ઑક્ટોબરની ૧૯મી તારીખે રાષ્ટ્રીય વિશ્વવિદ્યાલય (ગૂજરાત વિદ્યાપીઠ)ની સ્થાપના થઈ. પ્રાચીન ઇતિહાસ અને સાહિત્યના અધ્યયન-સંશોધન માટે વિદ્યાપીઠમાં 'ગુજરાત પુરાતત્ત્વ મંદિર'ની શરૂઆત થઈ. નામકરણ પણ મુનિજીએ જ કર્યું. પોતાના સાધુવેશ તેમ જ આહાર-વિહાર-વિચારમાં જરૂરી ફેરફારો કરી મુનિજી રાષ્ટ્રસેવક બનીને પુરાતત્ત્વ મંદિરના નિયામક નિમાયા. અહીં પુરાતત્ત્વ મંદિરમાં રહીને ગ્રન્થાવલિરૂપે અનેક મહત્ત્વપૂર્ણ ગ્રંથોનું પ્રકાશન કર્યું. મુનિજીના વિદ્યાતપને લીધે આ વિદ્યાકેન્દ્રને સારી એવી પ્રતિષ્ઠા મળી. શ્રી રસિકલાલ પરીખ પુરાતત્ત્વમંદિરના મંત્રી નિયુક્ત થયા. બૌદ્ધ વિદ્વાન શ્રી ધર્માનંદ કોસંબી, પંડિત બેચરદાસ દોશી (ભાષાવિદ્ ડૉ. પ્રબોધ પંડિતના પિતાજી), શ્રી કાકા કાલેલકર, શ્રી કિ. ઘ. મશરૂવાળા, શ્રી મૌલાના સૈયદ અબુઝફર નદવી, શ્રી રા. વિ. પાઠક, પંડિત સુખલાલજી સિંઘવી જેવા વિશિષ્ટ વિદ્વાનો અને સંશોધકો વિદ્યાપીઠમાં હતા. વિદ્યાકેન્દ્રની પ્રતિષ્ઠાથી આકર્ષાઈને, અધ્યયન-સંશોધનની જાણકારી માટે ભારતીય વિદ્યા (Indology)ના જર્મન વિદ્વાન ડૉ. શુબ્રિંગ (પીએચ.ડી), પ્રો. વૉલધેર સાથે વિદ્યાપીઠમાં (ઈ. સ., ૧૯૨૫) આવ્યા હતા. ડૉ. વૉલધેર તેમજ શુબ્રિંગ જર્મનીની હેમ્બર્ગ યુનિ.માં ભારતીય સાહિત્ય અને સંસ્કૃતિ વિભાગમાં હતા અને જર્મનીના તે સમયના વિદ્વાનોમાં જૈન સાહિત્યના મહાન વિદ્વાન ગણાતા હતા. પં. સુખલાલજી અને પં.

બહેચરદાસ દોશી એ વખતે સિદ્ધસેન દીવાકરકૃત ન્યાયગ્રન્થ 'સન્મતિ તર્ક' તથા તે ઉપરની અભયદેવસૂરિની વિરાટ ટીકા 'વાદ મહાર્ણવ'નું સંપાદન કરતા હતા. એમની વિદ્યાકીય સંશોધનની કાર્યશૈલી જોઈને પ્રો. શુબ્રિંગે પોતાના શિષ્યોને તાલીમ માટે વિદ્યાપીઠમાં મોકલવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. તેઓ મુનિજીના સાંનિધ્યમાં રહ્યા હતા. મુનિજીને જર્મનીની મુલાકાત માટે નિમંત્રણ પાઠવ્યું હતું. પ્રો. શુબ્રિંગનાં પુત્રી મિસ સાના શુબ્રિંગ પાસેની અપ્રગટ ડાયરીમાંનું એક અવતરણ, જર્મન સંશોધક ડૉ. ડબલ્યુ. એચ. બોલી (Bollee)એ ડૉ. ભોગીલાલ સાંડેસરાને મોકલેલું. તે મુનિ જિનવિજયજીના તપસ્વી વ્યક્તિત્વને આ રીતે વ્યક્ત કરે છે:

(Visit and lecture in Ahmedabad) "....Jinavijaya was in the chair. I knew him already as the soul of a very well equipped institute in which he leads his scholarly life. He, too, like Mody before him, after a long time visited Hambarg. Jinavijaya, a Rajput by birth (which explains his tall stature) has been told by Gandhi in preson to pay attention not only to the spiritual life, but also to pratical ends."

પુરાતત્ત્વમંદિરનો કાર્યભાર સંભાળતાં-સંભાળતાં મુનિજી અધ્યયન-સંશોધનમાં રત રહેતા. છાત્રો માટે કેટલીક અભ્યાસપોથીઓ તેમણે તૈયાર કરી. મોગ્ગલાન

થેરકૃત પાલિ શબ્દકોશ 'અભિધાનપ્પ દીપિકા', 'પાલિ પાઠાવલિ', 'પ્રાકૃત કથાસંગ્રહ', 'પ્રાચીન ગુજરાતી ગદ્યસંદર્ભ' જેવાં છાત્રોને ઉપયોગી ગ્રન્થોનું સંપાદન કર્યું. વિદ્યાપીઠે સંસ્કૃત સાથે પ્રાકૃત અને પાલી ભાષા વિના જૈન-બૌદ્ધ જેવી આર્ય ધર્મની બે શાખાઓ વિશેનું અધ્યયન થઈ નહીં શકે એમ માની એ બે ભાષાઓના અધ્યયનની અનિવાર્યતા પ્રમાણી. તેથી કોપન હેગન યુનિ. (જર્મની)ના પ્રો. ડેનિસ એન્ડર્સને (પીએચ.ડી.) પાલી ભાષા માટે તૈયાર કરેલી 'Pali Readers'ને આધારે મુનિજીએ 'પાલિ પાઠાવલિ' (ઈ. સ. ૧૯૨૨- વિ. સં. ૧૯૭૮) તૈયાર કરી. ઈ. સ., ૧૯૨૧ (સં. ૧૯૭૭)ની શ્રાવણી પૂનમે ગુજરાત વિદ્યાપીઠમાં આર્યવિદ્યા વ્યાખ્યાનમાળા અન્વયે 'પુરાતત્ત્વ સંશોધનનો પૂર્વ ઇતિહાસ' વ્યાખ્યાન આપ્યું. ભારતમાં આધુનિક દષ્ટિકોણથી પુરાતત્ત્વનું સંશોધન કેવી રીતે શરૂ થયું. એનો રસમય-રસપ્રદ શૈલીમાં મુનિજીએ પરિચય આપ્યો છે. આ વ્યાખ્યાન શ્રેણી અન્વયે આઠ વ્યાખ્યાનો આપ્યાં. આ જ વરસે નાગપુરમાં મળેલા કોંગ્રેસ અધિવેશનમાં મુનિજી ગાંધીજીની સાથે ગયા. ત્યાં મળેલી જૈન પૉલિટિકલ કૉન્ફરન્સના અધ્યક્ષ થયા. પૂનાના જૈનોએ સમેતશિખર તીર્થની યાત્રા માટે સ્પેશિયલ ટ્રેઇનનો પ્રબંધ કર્યો હતો. મુનિજી સંઘની સાથે ગયા. બિહારનાં જૈન તીર્થોનાં દર્શન કર્યાં. ત્યાંથી કલકત્તા ગયા. ત્યાંના જૈન સંઘે સંમાન કર્યું, માનપત્ર આપ્યું.

વિદ્યાપીઠમાં રહીને તેમણે પુરાતત્ત્વમંદિર ગ્રંથાવલીનું સંપાદન કરી, મૂલ્યવાન ગ્રંથો પ્રગટ કર્યા. શ્રી રસિકલાલ

પરીખ સાથે રહીને 'પુરાતત્ત્વ' ત્રૈમાસિક પ્રગટ કર્યું. શ્રી રસિકલાલ પરીખ ઈ. સ. ૧૯૧૬માં પૂનામાં મુનિશ્રી પાસે હેમચંદ્રનું પ્રાકૃત વ્યાકરણ ભણ્યા હતા. મુનિશ્રીની સરળતા, ઉદારતા, તેજસ્વિતા, વિદ્વતા તેમજ સંશોધનદૃષ્ટિથી આકર્ષાયા હતા. આ પુરાતત્ત્વમંદિરમાં શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનભંડારને આમેજ કર્યો હતો. સંસ્કૃત, પ્રાકૃત, પાલિ ભાષાના સાહિત્યગ્રંથો તેમજ અંગ્રેજી, જર્મન, ફ્રેન્ચ, હિન્દી, બંગાળી, ગુજરાતી સંશોધન વિષયક પુસ્તકો તેમ જ જર્નલોનો અમૂલ્ય ખજાનો અહીં હતો.

જ્ઞાન અને સંશોધનક્ષેત્રે, મુનિજીને કંઈક નવું કરવાની અદમ્ય ધખના હતી. આ ધખના જ એમને ઉત્તમ ગ્રંથોનું વાચન-મનન-ચિંતન-સંપાદન કરાવવામાં પ્રેરકબળ બની રહી. ગૃહત્યાગ કરીને, સાધુજીવન અંગીકાર કર્યાને વીસ વરસ થઈ ગયાં હતાં. શુષ્ક સાધુજીવન છોડી, ગાંધીજી સાથે સક્રિય રાષ્ટ્રસેવક થયા. ગૃહત્યાગ વખતે માને છોડીને આવેલા. એક રાતે ગુજરાતી ભાષામાં રચાયેલો જૈનરાસ વાંચતા હતા. એમાં એક પ્રસંગ હતો. માતાના પુત્રવિયોગના વિલાપનું એમાં વર્ણન હતું. વાંચ્યું. હૃદયમાં તીવ્ર વેદના જાગી. 'માનાં દર્શન ક્યારે કરું? મા હશે? ક્યાં હશે?' પુસ્તક બાજુમાં મૂકી દીધું. પોતે સાક્ષાત રૂદનમાં ડૂબી ગયા. હૃદયની વિહ્વળતા માટે શબ્દો નહોતા. રાત્રે ઊંઘ ન આવી. બીજે જ દિવસે વિ. સં. ૧૯૭૮ (ઈ. સ., ૨૦૨૨) મહા વદ નોમને સોમવારે કોઈને કંઈ પણ કહ્યા વિના એકલા બપોરે અમદાવાદ સ્ટેશનેથી ઊપડતી અઢી વાગ્યાની અજમેર જતી ગાડીમાં બેસી ગયા. હૃદયમાં વિસ્મૃત જનની અને

જન્મભૂમિના દર્શનની ઉત્કટ તાલાવેલી હતી. બીજે દિવસે સવારે અજમેર સ્ટેશન ઉપર ઊતર્યા. ચિતોડ-ખંડવા લાઈનની ગાડીમાં બેસી એક વાગ્યે રૂપાહેલી સ્ટેશને પહોંચ્યા. રૂપાહેલી એમની જન્મભૂમિ હતી.

મુનિજી ઘણા ઊંચા હતા, પોતે અજાનબાહુ હતા. ખાદીનો લાંબો ભગવો ઝભ્ભો ને ખાદીનું ધોતિયું પહેર્યાં હતાં. માથું ખુલ્લું હતું. હાથમાં નેતરની મોટી સોટી હતી. શણનો મોટો થેલો ખભે લટકાવેલો હતો. એમાં પાથરવા માટેની શેતરંજી, ઓઢવાનો કામળો અને લોટો-પ્યાલો રાખ્યાં હતાં.

અનેક વિચારો આવતા ગયા. વીસ વરસે ગામમાં કોઈ પરિચિત હશે? કોને મળું? મા હશે કે નહીં? હશે ત્યાં ક્યાં હશે? કોની પાસે? વિચારોના ચકરાવામાં પોતે ખૂંપવા લાગ્યા.

એ વખતે રૂપાહેલીમાં ઠાકુર શ્રી ચતુરસિંહજી હતા. વિદ્વાન અને વિદ્યાપ્રેમી હતા. પંડિત ગૌરીશંકર ઓઝાએ મુનિજીની કૃતિઓનો ચતુરસિંહજીને પરિચય કરાવેલો એવી મુનિજીને ખબર હતી. જો કે મુનિજી ક્યારેય ચતુરસિંહજીને પ્રત્યક્ષ મળ્યા નહોતા. એમને મળવું કે માતાની શોધ કરવી? જે ઘર છોડ્યું હતું તે હશે કે નહીં? – સ્ટેશન સૂમસામ હતું. સ્ટેશન માસ્તરે ટિકિટ માગી. આપી. અજાણ્યા મુસાફરને તે ટીકી ટીકીને જોવા લાગ્યો. એણે પણ પૂછતાછ કરી. મુનિજીએ નમ્રતાથી ઉત્તર આપ્યો. રૂપાહેલી સ્ટેશનથી ગામ અઢી-ત્રણ માઇલ દૂર હતું. ચાલતાં ચાલતાં પોતાના હોઠ પર હાથ ગયો – એક મેદાન આવ્યું. ગિલ્લી-દંડો રમતાં

જમણા હોઠ પર ગિલ્લી વાગેલી. લોહી આવેલું. યતિ દેવીહંસજીએ દવા લગાડેલી. સઘળું સ્મૃતિપટ ઉપર તરવરી રહ્યું.

ગામમાં પ્રવેશ કર્યો. ગામની વચ્ચે નાની બજાર આવી. ત્યાં ચારભુજાજીના વૈષ્ણવ મંદિરના દરવાજા પાસે ચબૂતરા પર થેલો મૂકીને મુનિજી બેઠા. ત્યાં એક પૂજારી જેવો લાગતો બ્રાહ્મણ બેઠો હતો. મેલું ધોતિયું પહેર્યું હતું. મુનિજીએ નમસ્કાર કર્યા. પૂછ્યું, 'આ મંદિરના પૂજારી તમે છો?' બ્રાહ્મણે અચરજથી મુનિજી સામે જોયું. પૂછ્યું, 'ક્યાંથી આવો છો? કોણ છો?' મુનિજીએ કહ્યું, 'અમદાવાદથી આવું છું, શિક્ષક છું.' મુનિજીએ પાસેના ઉપાશ્રય સામે જોઈને પૂજારીને પૂછ્યું, 'ઉપાશ્રયમાં કોઈ યતિજી છે?' પૂજારીએ કહ્યું, 'કોઈ યતિ નથી.' મુનિજીએ પૂછ્યું, 'ઉપાશ્રય ખાલી પડ્યું છે, તો એનો વહીવટ કોણ કરે છે?' પૂજારીએ કહ્યું, 'ઓસવાલ મહાજન કરે છે.' પછી તો મુનિજીએ બાજુની મહાજનની દુકાન વિશે, એના માલિક વિશે, એના નામ વિશે પૃચ્છા કરી. પૂજારી નવાઈ પામ્યો. તેણે પૂછ્યું, 'આ પહેલાં કદી અહીં આવ્યા છો?' મુનિજીએ કહ્યું કે પોતે તેવીસ વર્ષ ઉપર અહીં એક જૈન યતિ જોડે રહેલા. તે ખૂબ વૃદ્ધ હતા, વૈદ્ય હતા. પછી ક્યારેય આવવાનું થયું નથી.

આ રીતની વાત ચાલતી હતી ત્યાં ગઢમાંથી એક માણસ આવ્યો. કુંવરસાહેબનો નોકર હતો. એણે કડક અવાજમાં પૂજારીને કહ્યું, 'પૂજારીજી, આ અજાણ્યો માણસ ક્યાંથી આવ્યો છે? એના સમાચાર ગઢમાં કુંવરસાહેબને

મળી ગયા છે. એમણે તાબડતોબ આ અજાણ્યા માણસને ગઢમાં હાજર થવા કહ્યું છે.' પૂજારી મૂંગો થઈ ગયો. મુનિજી પણ સ્તબ્ધ થઈ ગયા. એણે તો ફરીથી હુકમ કર્યો. 'ચાલો, ઠાકુરસાહેબનો હુકમ છે કે જે માણસ હમણાં સ્ટેશનેથી ગામમાં આવ્યો છે તેને ઝડપથી હાજર કરો.'

મુનિજી પરિસ્થિતિ પામી ગયા. ભારતને સ્વતંત્રતા અપાવવા ગાંધીજીએ દેશવ્યાપી આંદોલન કરેલું. અંગ્રેજ સત્તાને ઉખેડીને ફેંકી દેવાની વાત હતી. અસહકારના આંદોલનના પડઘા દેશી રાજ્યોમાં પણ પડ્યા હતા. દેશી રાજ્યોની સ્થિતિ ગુલામોના પણ ગુલામ જેવી હતી, તેથી અંગ્રેજ સત્તાની વિરુદ્ધ કોઈ હિલચાલ દેશી રાજ્યોમાં ન થાય એની સીધી કે આડકતરી સૂચનાઓ બધાં દેશી રાજ્યોમાં અંગ્રેજ શાસકો દ્વારા આપવામાં આવી હતી. આ પ્રકારનાં રાજ્યોમાં તેમજ જાગીરદારી વિસ્તારોમાં આ સૂચનાઓનું કડક પાલન થતું હતું. કોઈ આંદોલનનો પ્રચાર કરવા આવે કે કોઈ અજાણ્યો માણસ જે-તે વિસ્તારમાં પ્રવેશે નહીં તેનું ધ્યાન રખાતું.

ઠાકુરસાહેબને રૂપાહેલી સ્ટેશન પરથી બાતમી મળી ગઈ હતી, કે કોઈ અજાણ્યો લાગતો માણસ રૂપાહેલી આવે છે. એનું કોઈ સગું ત્યાં નથી એટલે એમણે મુનિજીને પૂછપરછ માટે ગઢમાં બોલાવ્યા.

ચબૂતરે થેલો મૂક્યો. પૂજારીને તે સાચવવા કહ્યું, પોતે નોકર સાથે ગઢમાં ગયા. મુનિજીએ બાળપણમાં ગઢ જોયેલો હતો. અંદર ક્યારેય ગયા નહોતા. મુનિજીનું મન વિલક્ષણ કુતૂહલથી પરેશાન હતું. દરવાજાની અંદર તૂટેલી સીડી

હતી. મુનિજી સીડી ચઢી, એક ઓરડાની પાસે ગયા. નોકરે ત્યાં જ ઊભા રહેવા કહ્યું: પોતે કુંવરસાહેબને જાણ કરવા ગયો. થોડીવારમાં તે આવ્યો. મુનિજીને અંદર કુંવરસાહેબ પાસે જવા હુકમ કર્યો.

કુંવરસાહેબ જૂની ખુરશી પર બેઠા હતા. મુનિજીએ બે હાથ જોડી નમ્રતાપૂર્વક નમસ્કાર કર્યા. કુંવરસાહેબ અંદરના ભાગમાં ઊભેલા બે માણસો સાથે કંઈક વાતચીત કરતા હતા. કુંવરસાહેબે તીક્ષ્ણ-વેધક નજરે મુનિજી સામે જોયું. કુંવરસાહેબે નમસ્કારની નોંધ સુધ્ધાં લીધી નહીં.

બે એક મિનિટ પછી, પેલા માણસો સાથે વાત કરીને, મુનિ સામે ધારી ધારીને જોતાં પૂછ્યું, 'તમે ક્યાંથી આવ્યા છો?

મુનિજી – 'અમદાવાદથી.'

કુંવરસાહેબ – 'ત્યાં શું કરો છો?'

મુનિજી – 'થોડું લખવા-વાંચવાનું અને થોડું વિદ્યાર્થીઓને ભણાવવાનું.

કુંવરસાહેબ – 'માસ્તર છો?'

મુનિજી – 'માસ્તર તો નથી પણ આમ જ વિદ્યાલયમાં કામ કરું છું.'

કુંવરસાહેબ – 'વિદ્યાલયનું નામ શું છે? કોણ ચલાવે છે એ?'

મુનિજી – 'મહાત્મા ગાંધીએ એની સ્થાપના કરી છે અને ગુજરાતનીએ ખૂબ જાણીતી સંસ્થા છે.'

મહાત્મા ગાંધીજીનું નામ સાંભળીને તેઓ સાવધ થઈ ગયા. મુનિજીને નીચેથી ઉપર સુધી જોઈ લીધા, મુનિજીના

પહેરવેશને ધ્યાનથી જોયો ને પૂછ્યું,

'તમારું નામ શું છે? તમે ક્યાં રહો છો?'

મુનિજીએ પોતાનું નામ બતાવ્યું. અમદાવાદમાં રહે છે એમ કહ્યું, કુંવરસાહેબને 'જિનવિજય' નામ ખૂબ અટપટું લાગ્યું, એટલે બે-ત્રણ વાર નામ પૂછ્યું.

બાજુના ઓરડામાં ચતુરસિંહજી ઠાકુરસાહેબ બેઠા હતા. કુંવર ઠાકુરનું નામ લક્ષ્મણસિંહ હતું ને ચતુરસિંહજીના એ જ્યેષ્ઠ પુત્ર હતા. ચતુરસિંહજી કુંવર ઠાકુરને ઊંચા અવાજે કોઈની સાથે વાત કરતાં સાંભળતા હતા. એમણે નોકરને બોલાવી મુનિજીને પોતાની પાસે બોલાવ્યા. નોકરે કુંવર ઠાકુરને કહ્યું કે આને અન્નદાતા એમની પાસે બોલાવે છે.

મુનિજી ઠાકુર ચતુરસિંહજીના ઓરડામાં પ્રવેશ્યા. નમસ્તે કર્યા. ઠાકુર ચતુરસિંહજી ઊંચા ઝરૂખાના ચોતરા પર ગાદી-તકિયાના આસન પર બેઠા હતા. બે પુસ્તકો એમની પાસે પડ્યાં હતાં. મુનિજીએ બાળપણમાં એમને જોયેલા હતા, પણ મુનિજીના દીદાર એવા હતા કે ઠાકુર એમને ઓળખી શકે તેમ નહોતા. ચતુરસિંહજીએ મુનિજીને પ્રણામ કરી, પ્રણામનો સ્વીકાર કર્યો. એમને ચોતરા પરની શેતરંજી પર બેસવા કહ્યું.

ચતુરસિંહજીનાં વ્યવહાર-વર્તન ઉપરથી જ લાગતું હતું કે તેઓ વધુ પીઢ, સંસ્કારી અને અનુભવી હતા. પોતે વિદ્યાપ્રેમી હતા. વિદ્વદ્જનો પ્રત્યે આદર રાખનારા હતા. ઇતિહાસનાં પુસ્તકો વાંચવામાં એમને રસ હતો. અજમેરના મહામહોપાધ્યાય ગૌરીશંકરજી હીરાચંદજી ઓઝા સાથે

એમને ઘનિષ્ઠતા હતી. મુનિજી એમને મળ્યા એ પહેલાં મુનિજીના નામ કે વિદ્વદ્કાર્યોથી પૂરતા વાકેફ હતા, પણ ક્યારેય મુનિશ્રીને પ્રત્યક્ષ મળ્યા ન હતા, મુનિશ્રીના વ્યક્તિત્વનો તેથી કોઈ અંદાજ નહોતો.

એમની વાણીમાં કુંવર ઠાકુર જેવી કરડાકી નહોતી. મુનિજીએ આસન લીધું. ચતુરસિંહજીએ વિનમ્રતાથી પૂછ્યું, 'આપ ક્યાંથી પધારી રહ્યા છો? આપનું નિવાસસ્થાન ક્યાં છે?' મુનિશ્રીએ કુંવરસાહેબને કહી હતી તે સઘળી વાત કહી. પોતાનો પરિચય આપ્યો. હકીકતો સાંભળી ચતુરસિંહજી સ્તબ્ધ થઈ બોલ્યા, 'શું આપ એ જ મુનિ જિનવિજયજી છો જે અમદાવાદ ગુજરાત પુરાતત્ત્વ મંદિરના આચાર્ય છે?'

મુનિજીએ ધીમેથી કહ્યું, 'હા, ઠાકુરસાહેબ, હું એ જ મુનિ જિનવિજય છું અને આપની આ રૂપાહેલીમાં જન્મ્યો છું. હું આપનો પ્રજાજન છું.'

આ સાંભળીને ઠાકુરસાહેબ એકદમ ગાદી પરથી ઊભા થઈ ગયા. એમનો કંઠ ભરાઈ આવ્યો. આંખમાં આંસુ ઝળકવા લાગ્યાં. બે હાથ જોડી મુનિજીના પગમાં માથું ટેકવીને ગદગદ અવાજે કહેવા લાગ્યા, 'મુનિ મહારાજ, આ તુચ્છ મનુષ્ય પર આજે આપે કેવી અકલ્પિત અને અસંભવ કૃપા કરી છે. કોઈ સૂચના કે સંકેત આપ્યા વિના એક અજાણ્યા અને અપરિચિત સંતની જેમ આપે અહીં પધારીને મને કૃતાર્થ કરવાની દયા કરી છે...' એમના વિવિધ ઉદ્‌ગારોમાં ભાવના હતી, કૃતાર્થતા હતી, હર્ષનાં આંસુની ધારા હતી. ચહેરો લાગણીશીલ હતો. મુનિજીને ઊભા કરી

જે ગાદી પર પોતે બેઠા હતા તેના પર પરાણે બેસાડ્યા.

પેલો નોકર એક ખૂણામાં ઊભો ઊભો બધું જોતો હતો. આ બધું એની કંઈ સમજમાં બેસતું નહોતું. કુંવરસાહેબ આની સાથે કેવી કડકાઈથી વાત કરતા હતા ને અહીં તો ઠાકુરસાહેબ ખુદ એના પગમાં પોતાનું માથું મૂકીને આનો હાથ પોતાના માથા પર રાખી રહ્યા હતા.

ભાવવિભોર ઠાકુરસાહેબ થોડા સમય પછી સ્વસ્થ થયા. પ્રસન્ન ચહેરે એમણે પૂછ્યું, "આજ આમ અચાનક આવી રીતે આપનું અહીં પધારવાનું થયું, એ અંગે કંઈ વાત છે?'

મુનિજીએ કહ્યું, 'બે-ત્રણ દિવસ અગાઉ વિધિના કોઈ અજ્ઞાત સંદેશાએ એવો ઉત્કટ માનસિક નિર્દેશ કર્યો કે હું મારી જન્મભૂમિ રૂપાહેલીનું દર્શન કરું અને આપની મુલાકાત લઉં.'

ઠાકુરસાહેબે ત્યાં જે ઊભા હતા તેમને ભેગા કર્યા. મુનિજીની સૌને ઓળખ કરાવી. કુંવરસાહેબ ખૂબ શરમાયા. બે હાથ જોડીને માફી માગવા લાગ્યા.

ઠાકુરસાહેબે કહ્યું, 'મુનિજી, આપનો સામાન ક્યાં છે?'

મુનિજીએ કહ્યું કે સામાનમાં તો એક થેલો છે. એ થેલો હું સ્ટેશનથી ગામમાં આવ્યો ત્યારે મંદિર પાસે ચોતરા પર મૂક્યો છે. ઠાકુરસાહેબે પેલા માણસને તે સામાન લઈ આવવા કહ્યું. નોકર સામાન લઈ આવ્યો.

મુનિજીએ યતિજી મહારાજનો ઉપાશ્રય ખાલી હોય તો તેમાં જઈને રહેવાની ઇચ્છા દર્શાવી. ઠાકુરસાહેબે ગદગદ કંઠે કહ્યું, 'આપ અમારા પૂજનીય મહેમાન છો, આપના

રહેવાની બધી વ્યવસ્થા ગઢમાં થશે.'

ગઢમાં, ઉપરની બાજુ, ઓરડામાં મુનિજીની રહેવાની વ્યવસ્થા કરવામાં આવી. સાંજે મુનિજીએ ભોજનમાં માત્ર પાશેર દૂધ જ લીધું. મુનિજીએ થોડો આરામ કર્યો. બેએક કલાક પછી ઠાકુરસાહેબ આવ્યા. મુનિજીને ચરણસ્પર્શ કર્યા. પ્રણામ કરીને ગાલીચાની એક કોરે પલાંઠી વાળીને, બંને હાથ ખોળામાં રાખીને આમન્યા સાથે બેઠા.

ઇતિહાસ ઠાકુરસાહેબનો શોખનો વિષય હતો. એ વિષયનાં પુસ્તકો તેઓ વાંચતા, મુનિજીના ઘણા લેખો એમણે વાંચ્યા હતા. અજમેર રહેવાસી ગૌરીશંકર ઓઝાએ મુનિજીનો પૂર્વ પરિચય આપેલો. મુનિજી વિદ્યાપીઠમાં પુરાતત્ત્વ મંદિરના આચાર્ય તરીકે નિયુક્ત થયા છે તે હકીકતની પણ ઠાકુરસાહેબને ગૌરીશંકર ઓઝા દ્વારા જાણ થઈ હતી – એ બધી વાત ઠાકુરસાહેબે મુનિજીને કરી. મુનિજીએ રૂપાહેલી છોડ્યા પછી જીવનચક્ર કેવું ફરતું રહ્યું તેની સઘળી વાત ઠાકુરસાહેબને કરી. મુનિજીએ રૂપાહેલી આવવાનું પ્રયોજન સ્પષ્ટ કરતાં કહ્યું, 'મારો અહીં ઓચિંતાં અને અપરિચિત રૂપે આવવાનો ઉદ્દેશ મારી મા વિશે અને સાથે સાથે મારા પિતા, દાદાના જીવનની હકીકતો જાણવાનો છે, જેની કદાચ આપને યથાર્થ માહિતી હશે... રૂપાહેલી છોડ્યા પછી મને અહીંની કોઈ વ્યક્તિ મળી નથી કે મને મારી માતાના કોઈ સમાચાર મળ્યા નથી. મેં આ દિશામાં કોઈ પ્રયત્ન કર્યો નથી. હું એક મૂર્છિત માણસની જેમ આટલાં વર્ષ મારા પૂર્વ જીવનના વિસ્મરણનો ભોગ બન્યો હતો. 'નષ્ટો મોહઃ સ્મૃતિલબ્ધા', – આ સંસ્કૃત ઉક્તિ

પ્રમાણે મારામાં મારાં માતાપિતાની સ્મૃતિની ચેતના ફરી જાગૃત થઈ છે અને હું આજ એ જ ચેતનાનું શરણું લઈને અહીં ચાલ્યો આવ્યો છું.'

ઠાકુરસાહેબ વિસ્મિત થયા, રાત પડી ગઈ હતી. ઠાકુરસાહેબે એમને આરામ કરવા કહ્યું અને સવારે મુનિજીની માતાની પાસે જે ચાકર હતો તે હયાત હતો એટલે તેને બોલાવી આપવા કહ્યું. ઠાકુર સાહેબ પ્રણામ કરીને જતા રહ્યા. મુનિજી પણ પથારીમાં સૂતા.

મહા મહિનો હતો. ઠંડી ઘણી હતી, સવારે દાતણ-પાણી કરી મુનિ પરવારીને બેઠા. બે કલાક પછી દૂધનો એક કળશો ભરીને માણસ આવ્યો. આવશ્યકતા અનુસાર દૂધ પીને બાકીનું પાછું મોકલી આપ્યું. દશેક વાગ્યે ઠાકુરસાહેબે મુનિજીને પોતાના ઓરડામાં બોલાવ્યા. પ્રણામ કરીને ઠાકુરસાહેબે પોતાની બેઠકની ખાસ ગાદી પર મુનિજીને બેસાડ્યા. ઠાકુરસાહેબે સાંજની પૃચ્છાના જવાબમાં મુનિજીના પિતાની તેમજ અન્યોની જેટલી માહિતી હતી તેટલી સંક્ષેપમાં કહી સંભળાવી. મુનિજીએ તે માહિતી નોંધી લીધી.

ઠાકુરસાહેબે મુનિજીની માતા પાસે જે નોકર રહેતો હતો તેને બોલાવ્યો. એનું નામ અજિતાજી હતું. તે સાઠ-પાંસઠ વર્ષનો હતો. એ તો મુનિજીને ન ઓળખી શક્યો પણ મુનિજી એને ઓળખી ગયા. ઠાકુરસાહેબ એમનો નિત્યક્રમનો સમય થવાથી ઓળખ કરાવીને જતા રહ્યા. મુનિજી અજિતાજીને લઈને પોતાના ઓરડે આવ્યા.

મુનિજીએ અજિતાજીને પોતાની સઘળી ઓળખ આપી,

અને પોતાનાં માતાજી વિશે કેટલીક વાત પૂછી. અજિતાજીએ વિગતવાર બધી વાત મુનિજીને કરી.

અજિતાજીએ મુનિજીને કહ્યું કે આપને (રિણમલને) શોધવા ઓસવાલ મહાજનને માતાએ બે વાર મોકલ્યો પણ આપનો કોઈ પત્તો લાગ્યો નહીં. આપ બાનેડથી કોઈ સાધુજમાત સાથે જતા રહ્યા છો અને બાનેડના લોકોને એની કશી જાણ નથી એવા સમાચાર મળ્યા હતા. માને એથી અત્યંત દુઃખ થયું હતું.

અજિતાજીએ કહ્યું કે માતાજી ઘણા દિવસો સુધી રડતાં રહ્યાં. એમણે ખાવાપીવાનું છોડી દીધું હતું. એમને કોઈ મળવા આવતું તો એ કંઈ પણ બોલતાં નહોતાં. બાજુમાં મુનિજી (રિણમલ)ના દાદાના કાકાના પુત્ર એટલે કે ભાઈ રહેતા હતા, તે માતાજીની સારસંભાળ રાખતા હતા. બે-ત્રણ વર્ષ પછી ઇન્દ્રાજી એમને પુષ્કરની યાત્રા કરવા લઈ ગયા હતા. તે ત્રણ વર્ષ પછી 'એકલલિંગા કી ઢાણી' (જગ્યાનું નામ છે) થી એમના કોઈ સંબંધી આવ્યા હતા ને માતાજીને ત્યાં લઈ ગયા હતા. ઇન્દ્રાજી એમને ત્યાં મૂકવા સાથે ગયા હતા.

એકલસિંગા કી ઢાણી એક નાનું ગામડું છે. જ્યાં મુનિજી (રણમલ)ના પિતાના નજીકના કોઈ ભાઈ રહેતા હતા. તે જ માતાજીને ત્યાં લઈ ગયા હતા. અજિતાજીએ કહ્યું કે માતાજી એક જ વાર જમતાં અને દિવસ-રાત ભગવાનના નામની માળા ફેરવ્યા કરતાં હતાં. ખૂબ ઓછું બોલતાં. માતાજી રૂપાહેલી હતાં ત્યાં સુધી અજિતાજી એમની સેવામાં હતો. રૂપાહેલી છોડતી વખતે અજિતાજીને

૪૦૦-૫૦૦ રૂપિયાનાં ઘરેણાં આપતાં ગયાં હતાં. માતાજી એકલસિંગા કી ઢાણી નજીક આગૂંચા(ગામ) ગયાં પછી એમના કોઈ સમાચાર ન હતા.

અજિતાના મુખે માની આવી દશાનું વર્ણન સાંભળીને મુનિજીનું હૃદય વેદનાથી વીંધાઈ ગયું. મુનિશ્રીએ અજિતાજીને દશ રૂપિયા આપ્યા ને આગૂંચા જઈને માતાજીની તપાસ કરી આવવા કહ્યું. અજિતાજી એ સમયે ઊંટ સવારી કરીને આગૂંચા ગયો.

મુનિજીએ ઠાકુરસાહેબ સાથે એ દિવસે વધુ વાતચીત કરી નહીં. એમનું મન અંતરની અવ્યક્ત વેદનાના ભારથી દબાયેલું હતું. મુનિજી મંથન અનુભવતા હતા. વિધાતાએ શા માટે મા-દીકરાને આવા ક્રૂર કષ્ટદાયક યોગનો ભોગ બનાવ્યાં? – આ પ્રશ્નનું કોઈ સમાધાન આ સાધુને જડ્યું નહીં.

'જે જનનીએ આ માનવજીવન આપ્યું અને પોતાના લોહીથી ઉત્પન્ન દૂધ પાઈને ઉછેર કરીને મોટો કર્યો, ૧૧-૧૨ વર્ષ સુધી પોતાની એકદમ નજીક રાખી બેહદ સ્નેહ, મમત્વ અને વત્સલતાથી સર્વ રીતે પાલનપોષણ કર્યું, તે અનાથ અને અસહાય માતાની સારસંભાળ લેવાને માટે પોતાનું ભ્રમિત મન આજ સુધી કેમ કંઈ વિચારી શક્યું નહીં' – એવા અનેક વિચારોથી મુનિજીનું મન અત્યંત ખિન્ન થઈ ગયું. મુનિજીએ તે સાયંકાળ દૂધ પીધું નહીં, ઓરડામાં એકલા સૂનમૂન થઈને પડ્યા રહ્યા.

ઊંઘની કોઈ શક્યતા નહોતી. સ્મરણોએ એમના મનનો જબરો કબજો લઈ લીધો હતો. ગુરુ દેવીહંસજી સાથે

બાનેડ જવા નીકળ્યા, તેની આગલી રાત્રિનું સ્મરણ થયું. માતા ગુરુમહારાજને પ્રણામ કરીને ઘેર આવી હતી. બીજા દિવસે રિણમલ્લ (મુનિ પોતે) ગુરુ સાથે જવાનો હતો. માતાએ તેને એની સોડમાં સુવાડ્યો હતો. રાતભર રડતી, ડૂસકાં મારતી રહી હતી. એના પ્રેમ અને આંસુઓથી નવડાવતી રહી હતી. આજે મુનિજીને નાનો રિણમલ્લ દેખાયો. એ રિણમલ્લ હવે મુનિ હતો. મુનિની બંધ આંખો સામે માની કરુણામૂર્તિ ઊભી હતી – મૂક, અનિમેષ જોઈ રહેલી. તીક્ષ્ણ અવાજે મુનિને પૂછી રહી હતી, 'ભાઈ રિણમલ્લ, જેણે તને જન્મ આપીને લાલન-પાલન કરીને મોટો કર્યો હતો એવી કોઈ તારી મા પણ (તારી) આ દુનિયામાં હતી?'

માનસિક પરિતાપથી કાળજુ શેકાતું જતું હતું. રાત આખી ઊંઘ વગર પસાર થઈ. સવારથી અજિતાજીના આવવાની મુનિજી રાહ જોતા હતા. બે વાગ્યે અજિતાજી આવ્યો. મુનિજીને અજિતાજીના ચહેરા પરથી જ લાગ્યું કે કંઈ સારા સમાચાર નથી. તો પણ મુનિજીએ માનપૂર્વક એને પાસે બેસાડ્યો અને શાંતિપૂર્વક પૂછ્યું, 'કહો ભાઈ, શા સમાચાર લાવ્યા છો?'

અજિતાજીની આંખોમાં આંસુ હતાં. આર્દ્ર અવાજે એણે કહ્યું, 'મહારાજ, લગભગ બે વરસ પહેલાં સંવત ૧૯૭૬ના વૈશાખ વદ સાતમને દિવસે માસાહેબ દેવલોક પધાર્યાં છે.'

મુનિજીના હૃદય પર વજ્રાઘાત થયો. વધારે કંઈ પૂછવાની એમને ઇચ્છા ન થઈ. મુનિજીએ અજિતાજીને કહ્યું, 'ભાઈ, તમે હજી જમ્યા નહીં હોવ, માટે જમી લો. પછી

હું તમને બોલાવીશ.'

અજિતાજી ભારે હૈયે, આંખમાંથી આંસુ સારતો, રડતો રડતો ત્યાંથી ઊઠીને ગયો.

બપોર પછી ઠાકુર સાહેબ, મુનિજીને મળવા એમના ઓરડામાં આવ્યા. એમનું મન પણ ખિન્ન હતું. મુનિજી પોતાને સ્વસ્થ કરવા મથતા હતા. એમણે બીજી વાતો કરવા માંડી, પણ ઠાકુર સાહેબે કહ્યું, 'બે એકવર્ષ પહેલાં પધાર્યા હોત તો માતાજીને મળવાનું થયું હોત.'

મુનિજીએ કહ્યું, 'કોઈ દુર્ભાગ્યની પાપદષ્ટિને કારણે એવો યોગ આવ્યો નહીં. આમ તો માતાનું સ્મરણ અનેકવાર થતું હતું અને જન્મભૂમિ રૂપાહેલીની યાદ પણ બરાબર આવતી હતી પણ અત્યાર સુધી જે પ્રકારની જીવનચર્યામાં બંધાયેલો હતો તેના કારણે મારે આ સ્મરણોને મનથી વિસ્મૃત કરવા પ્રયત્નબદ્ધ રહેવું પડ્યું હતું.'

મુનિજીએ જૈન ધર્મની સાધુ દીક્ષા ગ્રહણ કરી અનેક કઠોર નિયમોનું પાલન કર્યું. વાહન દ્વારા પ્રવાસ સર્વથા વર્જ્ય હતો. પગપાળા ભ્રમણ કરતા. ભ્રમણ-વિસ્તાર માળવા, મહારાષ્ટ્ર ને ગુજરાતનો પ્રદેશ હતો. રાજસ્થાનમાં વિચરવાનો કોઈ પ્રસંગ થયો નહીં. કોઈ ગૃહસ્થને પત્ર લખવાનું કે વ્યાવહારિક સંપર્કો રાખવાનું પણ નિષિદ્ધ હતું. આ ઉદાસીન ચર્ચામાં માતા, પિતા, ભાઈ વગેરેના સાંસારિક સંબંધોનું સ્મરણ કરવું, એના તરફ પ્રેમભાવ રાખવાનું કે મોહ, મમત્વનું ચિંતન કરવાનું ત્યાજ્ય હતું. આ કારણોથી માતાની સ્મૃતિ થવા છતાં મુનિજી એને સતેજ થવા દેતા

નહીં, પણ મુનિજીના વિચારોમાં પરિવર્તન આવતું ગયું, મનોવૃત્તિ ચર્યામાંથી વિરક્ત થઈ એમ જીવનમાર્ગને બદલવાનો ગંભીર વિચાર કર્યો. વિવિધ તરેહના મનોમંથન અને આંતરિક ખળભળાટ પછી મહાત્મા ગાંધી દ્વારા રાષ્ટ્રની સ્વતંત્રતા માટેના આંદોલનને પોતાના જીવનધ્યેયની સિદ્ધિનું ઉત્તમ સાધન માનીને ગુજરાત વિદ્યાપીઠની રાષ્ટ્રીય શિક્ષણ યોજનામાં જોડાયા. મુનિજીએ લાંબા મનોમંથન પછી સાધુવેશ અને સાધુ જીવનની યોગ્ય ચર્યાનો પરિત્યાગ કર્યો. એ બંધનમાંથી મુક્ત થવાથી માતાનાં દર્શન કરવાનો પ્રયાસ કર્યો. વિધાતાને આ પ્રયત્ન મંજૂર નહોતો. પોતે નિષ્ફળ ગયા. 'ઈશ્વરેચ્છા બલિયસી' એવું સમજીને એમણે મનને શાંત કર્યું.

ચારેક વાગ્યે તેઓ ઉપાશ્રયમાં ગયા. નાનપણમાં જે ઉપાશ્રયમાં તેઓ યતિવર શ્રી દેવીહંસજીની સેવા કરવા જતા હતા ત્યાં કોઈ રહેતું નહોતું. પહેલાં હતી તે લાકડાની મોટી પાટ એ જ સ્થિતિમાં પડી હતી – જ્યાં યતિજી સૂતા હતા. ત્યાંથી ઉતરવા જતાં એમના જમણા પગનું હાડકું તૂટી ગયું હતું. મુનિજી શ્રદ્ધાપૂર્વક એ પાટ પર માથું ટેકવી, જીવનપથ પર ચાલવા પ્રેરિત કરનાર સ્વર્ગવાસી ગુરુને શ્રદ્ધાંજલિ સમર્પિત કરી, બીજે દિવસે સવારે સાડા નવ વાગ્યે ચાળીસ-પચાસ છોકરાંને મીઠાઈ વહેંચી. મુનિજીએ પોતાની એક ભાવના વ્યક્ત કરી. બાળકોને ભણવા માટે રૂપાહેલીમાં નાનું મકાન બનાવવા કેટલો ખર્ચ થાય? - એ અંગે મુનિજીએ ઠાકુરસાહેબને પૂછ્યું. ઠાકુરસાહેબે સંમતિ દર્શાવી, ત્રણસો-ચારસોનો અંદાજ આપ્યો. મુનિજીએ કહ્યું

કે જો નાનો જમીનનો ટુકડો મળે તો પોતે ૫૦૦ રૂ. મોકલી આપે. ઠાકુર સાહેબ એથી પ્રસન્ન થયા. પછીથી મનનો અવ્યક્ત અને અસ્પષ્ટ સંકલ્પ ઈ. સ., ૧૯૬૯માં સાકાર થયો. સંકલ્પબળને આધારે ૩૦,૦૦૦માં સુંદર મકાન બનાવ્યું. માતાના નામ પરથી એનું 'રાજકુંવરી બાલમંદિર' નામાભિધાન થયું.

બીજે દિવસે માની ચિરવિદાયના દુઃખદ સમાચારનું હૃદયદ્રાવક સ્મરણ લઈને મુનિજી અમદાવાદ જવા રવાના થયા. ઠાકુરસાહેબે એમના નિવાસસ્થાનની ખાસ બગીમાં બેસાડીને એમને ભાવભરી વિદાય આપી. અમદાવાદ ગુજરાત પુરાતત્ત્વ મંદિરે પાછા પહોંચ્યા. તે દિવસ મહા સુદ ચૌદશનો હતો. મુનિજીની જન્મતિથિ હતી. મુનિજીએ આયુષ્યના ૩૫મા વર્ષમાં પ્રવેશ કર્યો હતો.

આ મુનિ જિનવિજયજી પૂર્વાશ્રમમાં રાજપૂત હતા. એમનો જન્મ વર્તમાન રાજસ્થાનના, અજમેર-ચિત્તોડ રેલવે લાઈન પરના ભિલવાડા જિલ્લાના હુરડા તાલુકાના રૂપાહેલી ગામમાં, પંચાંગની ગણતરી પ્રમાણે વિક્રમ સંવત ૧૯૪૪ના મહા સુદ ૧૪ના દિવસે, એટલે ઈ. સ., ૧૮૮૮ની ૨૭મી જાન્યુઆરીએ લગભગ સૂર્યોદય પછી થયો હતો.

બાળપણનું નામ કિશનસિંહ અથવા રણમલ્લ હતું. માતા લાડમાં 'રિણમલ' કહેતાં. પિતાનું નામ બિરધીસિંહજી (બડદસિંહ) હતું. પિતા પરમાર વંશીય ક્ષત્રિય કુળના હતા. માતાનું નામ રાજકુંવરી (રાજકુમારી) હતું. માતા સિરોહી રાજ્યા એક દેવડા વંશીય ચૌહાણ જાગીરદારનાં પુત્રી હતાં.

રણમલના જન્મ વખતે, પિતા બિરધીસિંહ રૂપાહેલીમાં સ્થાયી થયા હતા, પણ એ પહેલાંની એમના વંશજોની ગાથા શૌર્ય અને બલિદાનોની છે. બિરધીસિંહ મૂળે પરમારવંશીય ક્ષત્રિય. અવંતિનાથ મુંજ અને ભોજના વિદ્યાવિલાસી અને પરાક્રમી વંશજ. ઈ. સ., ૧૮૫૭માં ભારતીય સૈનિકો, જે અંગ્રેજ સૈન્યમાં હતા, તેમણે હંગામો મચાવ્યો. આ હંગામામાં અજમેર પાસેના નસીરાબાદની છાવણીમાં, બિરધીસિંહનાં સગાંસંબંધીઓ હતાં. એમાંના બેચાર જણે, બિરધીસિંહના દાદા સંગ્રામસિંહની એકલસિંગા નામે ગામની જાગીરમાં આશ્રય લીધો. અંગ્રેજોએ એથી એકલસિંગાને ઘેરો ઘાલ્યો. યુદ્ધ થયું. સંગ્રામસિંહ ઉપરાંત એમના પરિવારના કેટલાક મોભીઓ મૃત્યુ પામ્યા. બિરધીસિંહ, એમના પિતા તખ્તસિંહજી તેમ જ બીજી કેટલીક વ્યક્તિઓ સાથે ત્યાંથી ભાગ્યા. હવે ત્યાં રહી શકાય એમ નહોતું. અંગ્રેજ સરકારે 'દેખો ત્યાં ઠાર કરો'નો અને ગામને બાળી નાખવાનો હુકમ કર્યો હતો.

રણમલ (કિશનસિંહ)ના પિતા બિરધીસિંહ તેમ જ દાદા તખ્તસિંહજીએ સાધુનો વેશ ધારણ કર્યો. ગુપ્તવેશે પુષ્કરતીર્થ, આબુ, દ્વારકા, તારંગા તેમ જ ગિરનાર જેવાં સ્થળોએ વર્ષો સુધી રહ્યા. ઈ. સ., ૧૮૫૭ની ઘટના ભુલાતી ચાલી. એ પછી પિતા-પુત્ર પોતાની જાગીર તેમ જ પરિવારની શોધ સંભાળ લેવા પુષ્કર તીર્થ આવ્યા.

તખ્તસિંહજીનું શરીર જરા જીર્ણ થયું હતું. સંકટોનો તાપ જીરવી જીરવીને મન પણ ખિન્ન થઈ ગયું હતું. રૂપાહેલીથી કેટલાક લોકો પુષ્કરતીર્થ યાત્રાએ ગયેલા. ત્યાં

એ યાત્રાળુઓએ તખ્તસિંહને ઓળખી લીધા. એમણે તખ્તસિંહજીને અજ્ઞાતવેશમાં રૂપાહેલી આવવા આગ્રહ કર્યો, પણ તખ્તસિંહજીએ પોતાનું શેષજીવન ભગવદ્સ્મરણમાં, પુષ્કરતીર્થમાં જ ગાળવાનો વિચાર દર્શાવ્યો. જો કે તખ્તસિંહજીએ પોતાના પુત્ર બિરધીસિંહજીને રૂપાહેલી મોકલ્યા, એ રીતે ઈ. સ., ૧૮૫૮થી પિતા સાથે ભૂગર્ભમાં રહેલા બિરધીસિંહ, વીસ વર્ષ પછી ઈ. સ., ૧૮૭૮માં ગૃહસ્થનાં કપડાં ધારણ કરી, રૂપાહેલી ગયા.

રૂપાહેલીમાં નિવાસ દરમિયાન બિરધીસિંહ સામે એક સંકટ તો હતું જ. અંગ્રેજ સિપાઈઓ સામે જે રજપૂત યોદ્ધાઓએ ભાગ લીધો હતો, એમાંનો કોઈ રૂપાહેલીમાં વસે છે, એવી ખબર ઉદયપુરના દરબારમાં પહોંચે તો મુસીબત ઊભી થાય. રૂપાહેલીના રહીશો તેથી બિરધીસિંહ પ્રત્યે સદ્ભાવ હોવા છતાં ડરના માર્યા દૂર રહેવાનું પસંદ કરતા હતા. આવી પરિસ્થિતિમાં બિરધીસિંહ પણ મનથી ઉદ્વિગ્ન રહેતા હતા, તેથી તેઓ થોડો સમય અજમેર પાસે કાશોલા ગામે રહ્યા. કાશોલા બિરધીસિંહના કાકા નાહરસિંહજીનું સાસરું હતું. નાહરસિંહ તો ’૫૭ના વિદ્રોહમાં માર્યા ગયા હતા, પણ એમનો પરિવાર ત્યાં હતો. બિરધીસિંહના પિતા તખ્તસિંહજીએ તેમને નાહરસિંહના પરિવારની ભાળ લેવાની જવાબદારી સોંપી હતી. થોડો સમય કાશોલા રહ્યા પછી નાહરસિંહના પુત્ર ઇન્દ્રસિંહજીને લઈને બિરધીસિંહ રૂપાહેલી આવ્યા. રૂપાહેલી તેમના નાનાનું ગામ હતું. જો કે બચપણમાં ક્યારેક એ અહીં આવ્યા હશે. એમનો જન્મ તો

એકલસિંગાવાળી ઢાણીમાં થયો હતો. એમનાં માતા તો સંવત ૧૯૧૪માં પહેલાં મૃત્યુ પામ્યાં હતાં.

કાળક્રમે રૂપાહેલીના લોકો રાજકીય ભયથી મુક્ત થયા હતા. બિરધીસિંહને સીમ અને જંગલની રક્ષા કરવાનું કામ મળ્યું હતું. એમનો આજીવિકાનો પ્રશ્ન ઉકેલાઈ ગયો હતો. એ અરસામાં બિરધીસિંહનું લગ્ન બનેડાના રાણાવત હમીરસિંહજીની પુત્રી રાજકુંવર સાથે થયું. એમનાથી એક પુત્ર થયો. એનું નામ પન્નાસિંહ હતું. થોડા સમયમાં રાજકુંવરનું અવસાન થતાં રૂપાહેલીના ઠાકુર સવાઈસિંહજીની પુત્રી આનંદકુંવર પન્નાસિંહને પોતાની સાથે લઈ ગયાં હતાં ને ત્યાં જ પાલનપોષણ કર્યું હતું.

થોડા સમયમાં જ, સિરોહી મહારાવ સાથે બિરધીસિંહનો પરિચય થયો. મહારાવે સિરોહી રાજ્યની સેવા માટે એમની નિયુક્તિ કરી. પિંડવાલા અને વસંતગઢ વચ્ચે એક નાની જાગીર હતી, ત્યાંના જાગીરદાર અને બિરધીસિંહને પ્રેમાળ સંબંધ થઈ ગયો હતો. એ જાગીરદારને વીસ-બાવીસ વર્ષથી એક માત્ર દીકરી સિવાય કોઈ સંતાન નહોતું. જાગીરદારે બિરધીસિંહ સાથે એમની દીકરીનો વિવાહ કર્યો. બિરધીસિંહ પણ આ સંબંધ થાય એમ ઇચ્છતા હતા. બિરધીસિંહનાં આ બીજી વારનાં લગ્ન હતાં. પ્રથમ પત્ની મૃત્યુ પામ્યાં, એમનું નામ રાજકુમારી હતું. એ ઉપરથી વિવાહિત કન્યાનું નામ પણ 'રાજકુમારી' જ રાખ્યું. જાગીરદારના મૃત્યુ પછી જાગીર અને ઘરબાર તો રાજકુમારીના કાકાના દીકરાઓએ કબજે કરી લીધાં હતાં, પણ દાયજામાં એક વિશ્વાસુ ખાનદાન સેવક તેમ જ દસ-

વીસ હજારનાં ઘરેણાં-ગાંઠાં રાજકુમારીને મળ્યાં હતાં. લગ્ન પછી બિરધીસિંહે રાજકુમારીને રૂપાહેલી રાખ્યાં. પોતે સિરોહી રાજ્યની સેવામાં લાગી ગયા. અવારનવાર પોતે રૂપાહેલી આવતા-જતા રહેતા. આ સમયગાળામાં બિરધીસિંહ અને રાજકુમારીથી એક પુત્ર પ્રાપ્ત થયો. આ પુત્ર તે કિશનસિંહ. બાળપણમાં સૌ એને લાડમાં 'રણમલ્લ' કહી બોલાવતાં. આ રણમલ્લ તે જ આપણા મુનિ જિનવિજયજી.

મુનિજીએ એમનાં બાળપણનાં આછાં સંસ્મરણોની નોંધ કરી છે. એમના પિતાજી બિરધીસિંહ સિરોહી રાજ્યનાં જંગલોમાં, રાજસેવામાં રોકાયેલા હતા. એમને સંગ્રહણીનો ભારે મોટો રોગ લાગુ પડ્યો હતો. મુનિજી લખે છે: એક વખત " 'સંધ્યા થઈ હતી. મા ઘરમાં દેવમૂર્તિ સામે દીવો કરી પ્રાર્થના કરતાં હતાં. હું મા પાસે હાથ જોડી બેઠો હતો. ત્યાં પિતાજીની ઘોડીનો હણહણાટ સંભળાયો. મા એકદમ ઊભાં થઈ ગયાં. મારા હાથ પકડીને કહ્યું, 'બેટા, જો તો... સવારી આવી રહી છે.' ત્યાં તો પિતાજી આંગણા આગળ આવી ગયા હતા. પિતાજીએ માને બૂમ મારી. પિતાજી ખૂબ થાકેલા હતા. શરીર ક્ષીણ થઈ ગયું હતું. માતાએ પોતાના સેવકને કહ્યું, 'જાઓ! ઝડપથી ખાટલો લાવો અને અહીં ઢાળો.' "

ઘર નાનું હતું, કાચી માટીનું હતું, એને બે નાના ઓરડા હતા. સામે મોટું આંગણું હતું. સામે બીજું પણ એક મકાન હતું. ત્યાં મેડો હતો. મુનિજીનાં માતુશ્રી ત્યાં સૂતાં હતાં. ચોકમાં લીમડાનું ઝાડ હતું. લીમડાના થડની આજુબાજુ

માટી ને ગારનો બનાવેલો ચોતરો હતો. સેવકે પિતાજીનો ખાટલો લીમડાના ઝાડ નીચે ઢાળ્યો. પિતાજીએ બાળક કિશનનાં માતાને સંબોધીને કહ્યું, 'ખૂબ મુશ્કેલીથી તમારી પાસે આવી શક્યો છું, કદાચ ભગવાન હવે મને તેની પાસે બોલાવી લેશે.' વાતાવરણ ભારે થઈ ગયું. બાળક કિશન તરફ ફરીને પિતાજીએ કહ્યું, 'બેટા! દૂર કેમ ઊભો છે? મારી પાસે આવ. આ વખતે હું બીમાર છું, આથી તારે માટે કશું સારું ખાવાપીવાનું લાવી શક્યો નથી; પણ આ થોડાંક બોર લાવ્યો છું તે ખા!'

એ વખતે રૂપાહેલીમાં એક સિદ્ધહસ્ત વૈદ્ય અને મર્મજ્ઞ જ્યોતિર્વિદ યતિ દેવીહંસજી, ત્યાંના ઉપાશ્રયમાં ઠાકુર ચતુરસિંહજીના આગ્રહથી સ્થાયી થયા હતા. ઠાકુર ચતુરસિંહજી સંગ્રહણીના જૂના રોગી હતા. અનેક વૈદ્યો પાસે ઈલાજ કરાવ્યા હતા, પણ છેવટે થાકીને, મારવાડના ખ્યાતનામ વૈદ્ય અમરસિંહજીની ભલામણથી, એમના ગુરુ દેવીસિંહજીના ચરણે પડી, તેમને રૂપાહેલી આમંત્ર્યા. ચતુરસિંહજીને એમનાં ઔષધ અને સારવારથી પૂર્ણ આરોગ્ય પ્રાપ્ત થયું.

વૃદ્ધિસિંહજીની બીમારીના સમાચાર સાંભળી દેવીસિંહજી એમને ઘેર પધાર્યા. રાજકુમારીએ ચરણમાં મસ્તક નમાવ્યું. બાળક કિશનસિંહ પણ નમ્રતાપૂર્વક એમને પગે લાગ્યો. યતિજીની નિર્મળ-મધુર દૃષ્ટિ બાળક પર પડી. પૂછ્યું, 'બેટા! તારું નામ શું?' બાળકે નતમસ્તકે પ્રણામ કરી, ઉત્તર આપ્યો, 'રણમલ્લ'. 'વાહ, વાહ! નામ તો બહુ સરસ છે!' એમ કહી લીમડા નીચે, પલંગમાં સૂતેલા

વૃદ્ધિસિંહજીને તપાસવા લાગ્યા. ઉપચાર કર્યો, વૃદ્ધિસિંહને ઠીક પણ લાગ્યું, છતાં રોગ નિર્મૂળ ન થયો. ઔષધોપચાર માટે અજમેર સિવાય ક્યાંય મોસંબી મળતી નહિ, ત્યારે યતિજી પોતે અજમેર જઈને મોસંબીનો ટોપલો લઈ આવેલા.

વિશ્વવિશ્રુત મુનિ જિનવિજય પોતાનાં બાળપણનાં સંસ્મરણોમાં નોંધે છે: 'એ મોસંબીની રસદાર પેશીઓ ગુરુજીએ સૌથી પહેલાં મને ખાવા આપી. આવી રીતે ખૂબ વાત્સલ્યથી ગુરુજીએ મોસંબી ખવરાવી હતી, મોસંબીના મીઠા રસનો (અને ગુરુના પ્રેમરસનો) મેં જીવનમાં સર્વપ્રથમ અનુભવ કર્યો. એ પછી મેં મારા હાથે રસ કાઢીને પિતાજીને પીવરાવ્યો!'

વૃદ્ધિસિંહજીનું શરીર રોગમાંથી વળ્યું નહીં. સહૃદયી વૈદ્ય દેવીસિંહજી વૃદ્ધસિંહજીનું ચિત્ત પ્રસન્ન રાખવા પ્રયત્ન કરતા હતા. એક દિવસ વૃદ્ધિસિંહજીએ, બાળક કિશનસિંહ સામે દૃષ્ટિ રાખીને, પથારીમાં સૂતાં સૂતાં જ વૈદ્ય મુનિ દેવીસિંહને કહ્યું, 'આ બાળકને આપના શરણમાં સોંપું છું; એને એવા આશીર્વાદ આપો કે અમારા કુળનો ઉદ્ધાર થાય!' દૃષ્ટિવંત જ્યોતિષી એવા મુનિશ્રીએ બાળકનું ભવિષ્ય ભાખતાં, અર્ધનિમીલિત નેત્રે વૃદ્ધિસિંહને કહ્યું, 'ઠાકુર! તમારો પુત્ર નસીબદાર છે; એ તમારા વંશ અને કુળનું ગૌરવ વધારશે.'

ગુરુમુખેથી બાળક કિશનસિંહ અંગેની ભવિષ્યવાણી સાંભળીને, પથારીમાં સૂતેલા પિતા વૃદ્ધિસિંહજી અને બાજુમાં ઊભેલાં માતા રાજકુમારીની આંખમાં હર્ષનાં આંસુ

વહેવા લાગ્યાં. ત્રણેક દિવસ પછી વૃદ્ધસિંહજીનું અવસાન થયું. ગામનાં અનેક લોકો અંત્યેષ્ટિમાં હાજર રહ્યાં. ગામથી પૂર્વ દિશામાં માનસી નદી પાસે એમને અગ્નિદાહ આપવામાં આવ્યો.

વૃદ્ધિસિંહજીના મૃત્યુ પછી, કિશનસિંહની માતા રાજકુમારીને શાંત્વન આપવા ગુરુજી એમને ત્યાં જતા. ગુરુજીએ રણમલને પોતાની પાસે ભણવા મોકલવા અંગે રાજકુમારીને કહ્યું, રણમલે ગુરુજી પાસે ભણવાનું શરૂ કર્યું. ગુરુજીએ કક્કો શિખવ્યો. જૈનધર્મના કેટલાક પાઠ શિખવ્યા. શુદ્ધ ઉચ્ચારણ માટે કાતંત્ર વ્યાકરણ શિખવ્યું. પ્રાકૃત ભાષાનાં સૂત્રો શિખવ્યાં. રાતે મા પાસે ને દિવસે ગુરુ પાસે એમ કિશનસિંહનો ક્રમ થઈ ગયો.

સંવત ૧૯૫૬ (ઈ. સ., ૧૯૦૦)માં ભયંકર દુકાળ પડ્યો. ગુરુજી કિશનસિંહની માતાને અનાજ મોકલતા. મા અનાજ દળીને, રોટલીઓ બનાવીને, રણમલ દ્વારા ગુરુજીને મોકલતાં. ગુરુજી વૈદ્ય હતા. દવાના પૈસા નહોતા લેતા, પણ દવા લઈ જનાર પાસેથી અનાજ મેળવીને, ગરીબો માટે ભોજન તૈયાર કરાવતા. આ ક્રમ પાંચ-છ મહિના ચાલ્યો. ગુરુજીની ઉંમર એ વખતે આશરે સો વર્ષની હતી. એક દિવસ ગુરુજી પડી ગયા. પૂંઠનું હાડકું તૂટી ગયું. પોતે વૈદ્ય હતા, તૂટેલા હાડકાનો કોઈ ઈલાજ નહોતો. ગુરુજીને પણ જીવનનો અંત નજીકમાં જ લાગવા માંડ્યો. અનેક લોકો મળવા આવતા. ચિતોડ જોડેના ધનચંદ યતિ ગુરુજીને મળવા આવ્યા. એમણે ગુરુજીને પોતાની સાથે લઈ જવા વિનંતી કરી. ગુરુજીની ઇચ્છા પણ ચિતોડ જેવી પુણ્યભૂમિમાં

દેહ છૂટે એવી ઇચ્છા હતી. જેઠ મહિનાની નિર્જળા એકાદશીએ ગુરુએ ત્યાં જવા વિચાર્યું. ગુરુજીએ રણમલને પોતાની સાથે આવવા કહ્યું. રણમલે માની રજા લીધી. મા ગુરુજીને મળવા ગયાં. મળ્યાં. ગુરુજીએ રણમલને પોતાની સેવા માટે સાથે લઈ જવા કહ્યું, પછી કોઈ મહાજન સાથે રણમલને પાછો મોકલી આપવા કહ્યું. રણમલની માતાએ ગુરુ સાથે જવાની સંમતિ આપી.

ગુરુ સાથે જવાની આગલી રાતે રણમલ મા પાસે સૂતો હતો. આખી રાત મા રણમલના મોં તેમજ શરીર ઉપર પ્રેમથી હાથ ફેરવતી રહેતી હતી. દીકરાને છાતી સરસો ચાંપીને રડતી રહેતી.

મા વ્યાકુળ હતી. ઘડી પલંગમાં બેસતી, ઘડીક પુત્ર રણમલનું માથું ખોળામાં લેતી, વહાલમીઠાં ચુંબનો લેતી. ઘડી આડી પડતી. આંખમાં ચોધાર આંસુ વહેતાં હતાં. મા કશું બોલતી નહોતી. પુત્રના શરીરે હાથ ફેરવતી હતી. પુત્ર પણ ચૂપ હતો – વરસતા વરસાદમાં વૃક્ષો વર્ષારસનો અભિષેક ઝીલતાં હોય એમ. નિયતિની અકળ, અવ્યક્ત, ન્યારી લીલાનો સંકેત મા અનુભવતી હતી – જાણે એને ખ્યાલ આવી ગયો હતો કે હવે પછી પુત્રનું મોં કદાચ ફરી જોવા નહીં મળે.

માએ રણમલને તૈયાર કરીને સવારે ઉપાશ્રયમાં ગુરુદેવ પાસે મોકલ્યો. ધનચંદ યતિ સાથે ગુરુજી સાંજે, બાનેડ (ચિતોડ પાસે) જવાના હતા. સાથે સેવામાં રણમલને પણ જવાનું હતું. સામાન તૈયાર કર્યો. જો કે સામાન ઝાઝો નહોતો. ઠાકુરસાહેબે ગુરુ માટે એક ખાસ પ્રકારની ગાડીની

વ્યવસ્થા કરી હતી. જતી વખતે રણમલ માતાને પગે લાગ્યો. માએ કહ્યું, 'બેટા, રાજીખુશીથી જા. ગુરુ મહારાજની સેવા કરજે. તને ત્યાંથી પાછો મોકલે ત્યારે તું જલદી પાછો આવી જજે.' એમ બોલતાં બોલતાં મા રડતી હતી, સાડીના પાલવથી આંસુ લૂછતી હતી. રાગ અને ત્યાગ વચ્ચે હૈયું ઝૂરતું હતું.

માના આશીર્વાદ રણમલે માથે ચઢાવ્યા. ગુરુજીને ખૂબ કાળજી સાથે ખાટમાં લઈને ચિતોડની ગાડીના ડબ્બામાં સુવાડ્યા. ગુરુ મહારાજ નવકાર મંત્રનો જાપ કરતા હતા. પાસે રણમલ બેઠો હતો. સવારે ચિતોડ સ્ટેશન આવ્યું. સૂર્યના પ્રકાશમાં ચિતોડનો કિલ્લો અને રાણા કુંભાનો વિજયસ્તંભ નજરે પડ્યો. ગુરુ મહારાજે રણમલને ચિતોડના કિલ્લા વિશે તેમ જ ત્યાં કેવા મહાન મહાત્માઓ તેમજ મહાપુરુષો થઈ ગયા છે એનું પુણ્ય સ્મરણ કર્યું. રણમલને આ ભવ્ય દર્શન તેમ જ સ્મરણ જીવનની આખર સુધી પ્રેરણા આપતું રહ્યું.

જ્યાં પહોંચવાનું હતું તે બાનેડ઼ સોળ માઈલ દૂર હતું. ત્યાં પહોંચવા કોઈ વાહન-વ્યવહાર નહોતો. પાંચ વાગ્યે સાંજે ત્યાં પહોંચ્યા. ગુરુજી માટે ત્યાં રહેવા માટે સારી વ્યવસ્થા ન હોતી. રણમલ ગુરુજીની સેવા કરવામાં જીવનસાર્થક્ય સમજતો. એકાદ મહિનામાં ગુરુજીની શક્તિ ક્ષીણ થઈ ગઈ. એક દિવસ ધનચંદ યતિને થયું કે હવે ગુરુજી કદાચ દેહ છોડી દેશે. એ રાતે રણમલને બોલાવીને ગુરુએ કહ્યું, 'બેટા, રણમલ, તું વિદ્યા પ્રાપ્ત કરજે, તું મોટો વિદ્વાન બનીશ, અને તું સારો ભાગ્યશાળી માણસ બનીશ.

હવે આ દુનિયાથી હું વિદાય લઉં છું.' ગુરુજીએ ધનચંદ યતિને કહ્યું, 'આ રણમલની સારી રીતે સંભાળ રાખજો.' આટલું કહી ગુરુજી મૌનમાં સરકી ગયા, છ-સાત મિનિટ પછી એમણે છેલ્લા શ્વાસ છોડ્યા. બાનેડ ગામમાં જ એમના પાર્થિવ દેહને અંતિમ સંસ્કાર અપાયા.

રણમલ અનાથ થઈ ગયો.

વારંવાર મા યાદ આવવા લાગી. યતિ ધનચંદના પરિવાર સાથે રહેવું પસંદ નહોતું. બીજો વિકલ્પ નહોતો. યતિ ધનચંદના ખેતરમાં દિવસ-રાત રણમલ રહેતો. ખેતીમાં મદદ કરતો. રાત્રે ખેતરમાં બનાવેલા ડાગળામાં સૂઈ રહેતો. ગુરુમહાજનના અવસાનના સમાચાર મળતાં માએ તેને રૂપાહેલી જવા એક મહાજનને સંદેશો મોકલ્યો. યતિ ધનચંદને એમ હતું કે રણમલ જો રૂપાહેલી જશે તો સ્વર્ગસ્થ યતિવર શ્રી દેવીહંસજીનો સામાન અને રૂપિયા રૂપાહેલીના મહાજન માગી લેશે, તેથી એ મહાજનને યતિ ધનચંદે સમજાવીને પાછો મોકલ્યો.

મા અને નાનો ભાઈ બાદલ ખૂબ યાદ કરે છે એવા સમાચાર મહાજને રણમલને આપ્યા. બાદલ બીમાર હતો. થોડા દિવસ પછી ફરી સમાચાર આવ્યા કે નાનો ભાઈ બાદલ મૃત્યુ પામ્યો છે. રણમલને ફરી માની વિહ્વળતા અને અસહાયતાએ હચમચાવી મૂક્યો, પણ રણમલને થયું કે હવે રૂપાહેલી જઈને પોતે શું કરશે?

ક્યાંક જઈને સારી વિદ્યા પ્રાપ્ત કરીને, હોશિયાર થઈને મા પાસે જવાનું વિચાર્યું. રણમલે મનોમન વિચાર્યું. મહાજનને રણમલે રૂપાહેલી જવાની ના કહી. દોઢેક મહિના

પછી, જૈનોના ઓસવાલ સમાજનાં ગામોમાં મૃત-વ્યક્તિ પાછળ થતા ભોજન સમારંભોમાં મંડપ્પા, ભીંડર, કાનોડમાં – મોટે ભાગે રણમલને ઉદયપુર અને ચિતોડ જિલ્લાઓમાં – રણમલને ફરવાનું થયું.

ઈ. સ., ૧૯૦૨ (સં. ૧૯૫૮)ની વૈશાખી પૂર્ણિમાએ, સુખાનંદ (મધ્ય પ્રદેશ) મહાદેવ નામની જગ્યાએ ભરાયેલો મેળો જોવા રણમલ (કિશનસિંહ) એક સેવકના આગ્રહથી ગયો. ત્યાં ખાખી બાવાઓની જમાતના મહારાજ શિવાનંદ ભૈરવનો રણમલને પરિચય થયો. આખાયે મેળામાં આ જમાત તેમ જ શિવાનંદ ભૈરવના તંબૂ સૌનું આકર્ષણ હતાં. શિવાનંદ સેવકના પરિચયમાં હતાં. સેવક પાસેથી રણમલ (કિશનસિંહ) વિશે માહિતી મેળવી, એની હસ્તરેખાઓ જોઈ 'રણમલ વિદ્યાપુરુષ થશે', એવી આગાહી શિવાનંદે કરી. રણમલ પણ એમનાથી પ્રભાવિત થયો. વિ. સં., ૧૯૫૮ની વૈશાખી પૂર્ણિમાએ શિવાનંદ ભૈરવ પાસે ભૈરવી દીક્ષા લઈને રણમલ 'કિશન ભૈરવ' થયો. કિશનના અભ્યાસ માટે એક પંડિતની જોગવાઈ કરવામાં આવી. પંડિત એને 'સારસ્વત વ્યાકરણ' શીખવતા. એ જમાત સાથે રણમલે જાવદ, નીમચ, મંદસોર, પ્રતાપગઢ, જાવરા, સેલાના, રતલામની યાત્રા કરી. ત્યાં ક્ષિપ્રા નદીને કિનારે ઉજ્જૈનમાં પડાવ નાખ્યો. ત્યાં કિશને જોયું કે જમાતના બાવાઓમાં ખટપટ ચાલતી હતી, કેટલાક વ્યસની હતા, કેટલાક અસંસ્કારી હતા, તેમ જ કેટલાકની ભાષા અભદ્ર હતી. અભ્યાસ દરમિયાન પંડિત સાથે જ વાતચીત કરવાનો એકમાત્ર આધાર હતો. પંડિત કોઈ કારણસર પોતાના

વતન ગયા. પાછા ફર્યા નહીં. રણમલની વિદ્યા પ્રાપ્ત કરવાની અદમ્ય ઝંખના અધૂરી રહી. જમાત વચ્ચે રણમલને એકલતાનો તેમ જ ત્રાસનો અનુભવ થવા લાગ્યો. જમાતના બાવાઓ રણમલની તેજસ્વિતાની ઈર્ષ્યા કરવા લાગ્યા. આ દીક્ષા લઈને એમણે ભૂલ કરી છે, એવું લાગ્યું. પોતાને જીવનો ખતરો લાગ્યો. ત્યાં પોતાના સાથી સેવક સાથે વિચાર કરી પોતે એક અંધારી રાતે ભાગી છૂટ્યા. બીજા દિવસે ક્ષિપ્રા નદીમાં સ્નાન કરી, શરીરે ચોળેલી ભભૂતિનું વિસર્જન કર્યું. લંગોટ, કફની, કમંડળ નદીમાં વહેતાં કર્યાં. સેવકનાં વસ્ત્રો ધારણ કર્યાં. મહાકાલેશ્વર મંદિરે દર્શન કરી, ઉજ્જૈનથી રતલામ તરફ જવા રવાના થયા.

ક્યાં જવું નક્કી નહોતું. પ્રશ્નો થયા: 'હું કોણ છું, શું કરવું જોઈએ, શું કરી રહ્યો છું?' – એમણે સેવકને પૂછ્યું – પાછા બાનસેન જવું છે કે ઉદયપુર? બાનસેન જવાની એમની ઇચ્છા નહોતી, પણ બાનસેન જોડે મંડપિયા ગામમાં રહેતા જ્ઞાનચંદ યતિને કિશનસિંહ પ્રત્યે સદ્ભાવ હતો. પતિ-પત્નીનો એમના પ્રત્યેનો વ્યવહાર સારો હતો. એક વખતે જ્ઞાનચંદ યતિએ પોતાને ત્યાં વિદ્યાભ્યાસ માટે આમંત્રણ આપ્યું હતું. કિશનસિંહે સેવકને જ્ઞાનચંદ યતિ વિશે વાત કરી અને રતલામ જવા ઇચ્છા વ્યક્ત કરી. બંને રતલામ ગયા; પણ ત્યાં સમાચાર મળ્યા કે જ્ઞાનચંદ યતિ તો મંદસોર ગયા છે. સેવક સાથે કિશનસિંહ મંદસોર ગયા. ત્યાં પન્નાલાલજી યતિ ખૂબ જાણીતા હતા. જૈન સંપ્રદાયના ખરતરગચ્છના પિપળિયા શાખના હતા, વૈદ્ય હતા.

કિશનસિંહ એમને મળ્યા. ત્યાં એક યતિજી આવ્યા હતા. એ યતિજીએ કિશનસિંહની વિદ્યાપ્રીતિ પ્રત્યેનો અનુરાગ જાણીને, તેમને યતિ જ્ઞાનચંદ પાસે લઈ જવાની વાતને સમર્થન આપ્યું. જ્ઞાનચંદ યતિ મંડપિયા ગામે હતા. યતિ સાથે તેઓ રાતે ગાડીમાં નિમ્બાહેડા ગયા ને ત્યાંથી પગપાળા મંડપિયા ગયા. યતિ જ્ઞાનચંદે એમને પ્રેમથી આવકાર્યા, ભોજન કરાવ્યું. ત્યાં જ્ઞાનચંદજીની ખેતીવાડી સંભાળવાની જવાબદારી કિશનસિંહે નિભાવી. કિશનસિંહે જ્ઞાનચંદજી પાસે રહી પૂજા-અર્ચના, મંત્રો, સ્તુતિ, સ્તવન કંઠસ્થ કરી લીધાં. એક મંદિરની પ્રાણપ્રતિષ્ઠા માટે ગંગાપુર ગયા. ત્યાં યતિવેશ ધારણ કર્યો. જૈનોને ત્યાંથી ભિક્ષા લાવવાનું કામ કિશનસિંહને સોંપાયું. ત્યાં ચેલાજી મહારાજ નામ ધારણ કર્યું. મૂર્તિપૂજા તેમજ દર્શનાર્થીઓને માંગલિક સંભાળવાનું કાર્ય તેમણે સંભાળ્યું. મંડપિયામાં રહી કલ્પસૂત્રનો અભ્યાસ કર્યો. ચાતુર્માસ માટે કિશનસિંહ બડનગર યતિ જ્ઞાનચંદ સાથે ગયા. ત્યાંથી યતિ જ્ઞાનચંદે કિશનસિંહને માંગલિક તેમજ કલ્પસૂત્રનો લાભ શ્રાવકોને મળે એ હેતુથી બદનાવર મોકલ્યા. ત્યાં કિશનસિંહે જૂની હસ્તપ્રતોની નકલ કરવાનો અભ્યાસ કર્યો.

બદનાવરમાં ધર્મકાર્ય કરતા હતા ત્યારે સમાચાર મળ્યા કે ત્યાંથી પંદરેક માઇલ દૂર દિગ્ઠાન ગામમાં એક જૈન સાધુએ બાવન દિવસના ઉપવાસ કર્યા છે, હજારો શ્રાવકો દર્શન માટે જાય છે. એક મહાજન દંપતી સાથે, એ મહાન તપસ્વી જૈનમુનિનાં દર્શન કરવા ગયા. જૈનમુનિને મળ્યા. મુનિએ એમની સાથે ધર્મજ્ઞાન, અભ્યાસ વિશે સંવાદ કર્યો.

કિશનસિંહે યતિ દેવહંસજી પાસે પોતે ઉપસગ્ગહર સ્તોત્ર, નમિઉણ સ્તોત્ર, ભક્તામર સ્તોત્ર શીખેલા એ વાત કરી. ત્યાં રહીને કિશનસિંહે દશ વૈકાલિક સૂત્રનો મુખપાઠ કંઠસ્થ કર્યો. બે-ત્રણ વર્ષથી યતિઓ તેમજ ખાખી બાવાઓની સંગતથી કિશનસિંહના મનમાં જે વિરક્તિનો ભાવ હતો તે વધુ દૃઢ થયો. દીક્ષા લેવાનો વિચાર કર્યો.

દિગ્ઠાણના મહાજનો આગળ આ પ્રસ્તાવ રજૂ થયો. મહાજનોએ દીક્ષા મહોત્સવનું આયોજન કર્યું. સમારોહ થયો. અનેક મહાજનોને ભોજનનું આમંત્રણ અપાયું. ઘોડા તેમજ હાથી ઉપર સવારી નીકળી. વિ. સં., ૧૯૫૯ના આસો સુદ તેરસને દિવસે પૂર્ણ વિધિવિધાન દ્વારા મુંડન કરાવીને, જૈન સાધુનો વેશ ધારણ કરીને, પંદર વર્ષના બાળ સાધુનું નામ 'કિશનલાલ' રાખવામાં આવ્યું.

સ્થાનકવાસી જૈન સંપ્રદાયની દીક્ષા લઈને કિશનલાલે સાધુવેશે સંપ્રદાયના નિયમો પ્રમાણે ચાતુર્માસ સિવાય, આઠ મહિના જુદાં જુદાં ગામો કે નગરોમાં પગપાળા વિહાર કર્યો. ઈ. સ., ૧૯૦૪ (સંવત ૧૯૬૦)માં તેમને ધાર જવાનું થયું. એ વખતે ત્યાં ભોજના વિખ્યાત સરસ્વતી મંદિરને તોડીને બનાવેલી મસ્જિદનો ઘુમ્મટ નીચે પડી ગયો હતો. એમાંથી એક શિલાલેખ મળ્યો હતો. સરકારે એનો સંગ્રહ કરેલો. પુરાતત્ત્વવેત્તા શ્રી રા. ગો. ભાંડારકરના પુત્ર શ્રીધર ત્યાં આવેલા. શ્રીધરે જૈન સાધુ(કિશનલાલ)ને બોલાવ્યા. જૈનસાધુએ તે શિલાલેખ વાંચી બતાવ્યો ને ઉત્તરાધ્યયન સૂત્રનો આધાર આપ્યો.

ધાર પાસેની ઉજ્જૈન નગરીના મહાકાલ મંદિરના

દર્શનની ઇચ્છા જૈન સાધુ (કિશનલાલ) રોકી ન શક્યા. વર્ષો પહેલાં, બાલ્યકાળમાં ગુરુ દેવીહંસજી પાસે રહીને તેમણે સિદ્ધસેન દિવાકરનો 'કલ્યાણ મંદિર સ્તોત્ર' કંઠસ્થ કર્યો હતો. સિદ્ધસેન દિવાકરે આ સ્તોત્રની રચના આ મંદિરમાં બેસીને કરી હતી. પાર્શ્વનાથની મૂર્તિ અહીં પ્રગટ થયેલી, જૈનો તેને અવંતી પાર્શ્વનાથ તરીકે પૂજે છે. પણ મંદિરમાં પ્રવેશતાં પૂજારીએ તેમને રોક્યા, ને કહ્યું, 'ઢૂંઢિયા મહારાજ નદીમાં જઈને પહેલાં મોં ધોઈ આવો, મુખપટ્ટી ઉતારી દો ને રજોહરણ બહાર મૂકો.' કિશનલાલને પૂજારીના વ્યવહારથી ગુસ્સો ચઢ્યો. દર્શન કર્યા વિના તેઓ પાછા ફર્યા.

જૈન સાધુઓમાં જ્ઞાનની અપેક્ષાએ, તપ કે ઉપવાસની પ્રતિષ્ઠા વધુ હતી. વરસના એંસી દિવસો તો એમના કઠોર ઉપવાસ રહેતા, એથી જૈન સાધુની સમાજમાં પ્રતિષ્ઠા રહેતી, પણ કિશનલાલને આ બધું અનુકૂળ ન લાગ્યું. સાત-આઠ વર્ષ સ્થાનકવાસી સંપ્રદાયના સાધુજીવન પછી એક રાતે સ્થાનકવાસી સાધુજીવનનો પરિત્યાગ કર્યો.

ઉજ્જૈનથી નાગદા રેલવે પર, ચારેક માઈલ ચાલ્યા. સાંજ પડી ગઈ. વરસાદની મોસમ હતી. ભૂખ કકડીને લાગી હતી. વરસાદને કારણે શરીર ભીંજાયેલું હતું. શરીર કાંપતું હતું. એક નાનું ગામ આવ્યું. એક ખેડૂતના ઘર પાસે, પશુઓને બાંધેલાં હતાં. એના છાપરા નીચે લપાઈને બેઠા. આછું અંધારું હતું. ખેડૂતની પત્ની બહાર આવી. કિશનસિંહ પર નજર પડી. ભૂત સમજી ભાગી. એની ચીસ સાંભળી ખેડૂત ફાનસ લઈ બહાર આવ્યો. જોયું, પૂછ્યું, 'ભાઈ, કોણ

છો?' કિસનસિંહે કહ્યું, 'અજાણ્યો મુસાફર છું. ઉજ્જૈન જતો હતો. રસ્તામાં ભૂલો પડ્યો. વરસાદમાં રાત ગાળવાના આશયથી અહીં છાપરા નીચે બેઠો છું ખેડૂત એને અંદર લઈ ગયો. જુવારનો રોટલો અને દૂધનો કટોરો આપ્યો. જેણે સાધુ જીવનના આઠ વરસ સુધી સૂર્યાસ્ત પછી પાણીનું ટીપું પણ લીધું નહોતું, એ ચર્યાનો આજે ભૂખ સંતોષીને ભંગ કર્યો.

કિસનસિંહને અમદાવાદના જૈન મૂર્તિપૂજક સંપ્રદાય વિશે ખાસ્સી જાણકારી હતી. ત્યાં વિદ્વાનો તેમજ વિદ્યાપ્રાપ્તિ અંગેની સુવિધા હતી. કિશનસિંહ અમદાવાદ આવ્યા. રાત્રે એક દુકાનના છાપરા નીચે સૂઈ રહ્યા હતા. પોલીસને શંકા ગઈ. એમને પકડી લીધા. પૂછપરછ કરી. છોડી મૂક્યા. કોઈ સહારો નહોતો. એક હોટલમાં ચાર આનાના રોજ ઉપર વાસણ માંજવા-ધોવાનું કામ કર્યું, જેથી પેટની ચિંતા ન રહે. વિદ્યાપ્રાપ્તિની ક્યાંક જોગવાઈ થાય તો સારું – એ માટે અનેક ધાર્મિક સંસ્થાઓમાં ફર્યા – રઝળ્યા. એમને ભાળ મળી કે પાલનપુરમાં અધ્યયન માટે સારી સુવિધા છે, તેઓ ત્યાં ગયા. ત્યાં પણ નિરાશા મળી. પાલીના ઉપાશ્રયોમાં પંડિતો ભણાવે છે એવી માહિતી મળતાં પાલી ગયા. ત્યાં વિ. સં., ૧૯૬૬માં શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન ફિરકાના કેટલાક મુનિવરોનાં દર્શન થયાં. એમાં એક સાધુરત્ન હતા – પંન્યાસ સુંદરવિજયજી. સરળતા, સમત્વશીલતા તેમ જ સંયમની મૂર્તિ! કિસનસિંહ પ્રભાવિત થયા. શિષ્યત્વ સ્વીકાર્યું. બાવીસ વર્ષની વયે સંવત ૧૯૬૭ (ઈ. સ., ૧૯૧૦)માં પાલી પાસેના ભાખરી

ઉપર બનેલા જૈનમંદિરમાં એમણે સંવેગી દીક્ષા લીધી. 'મુનિ જિનવિજય' તરીકે ઓળખાયા.

ત્યાંથી મુનિ જિનવિજય બ્યાવર ગયા. ત્યાં સમાજ કલ્યાણના ઉદ્દ્ગાતા આચાર્ય વિજય વલ્લભસૂરિનો ભેટો થયો. તેમની સાથે ચારેક પંડિતો હતા. તેઓ ગુજરાત જતા હતા. જ્ઞાનતૃષા સંતોષવા મુનિજી તેમની સાથે પાલનપુર ગયા. ત્યાંથી વડોદરા આવ્યા. મુનિજીનાં સંશોધન અને સ્વાધ્યાય સતત ચાલુ હતાં. રસરુચિની પરિપક્વતા વધતી જતી હતી. ટોડરમલને વાંચ્યા પછી રાજસ્થાન તેમજ મેવાડના ઇતિહાસ સંદર્ભે વધુ જિજ્ઞાસા થઈ. સરળ અને શાંત પ્રકૃતિ ધરાવતા સુંદરવિજયજીનો સંપર્ક થયો. એથી જિનવિજયજીને વિદ્વતા સાથે વિદ્યાપ્રાપ્તિની સગવડ મળી. ઈ. સ., ૧૯૧૨ (સં. ૧૯૬૮)માં સુરત ખાતે સમભાવી સંત, સાહિત્યસમુપાસક પ્રવર્તક શ્રી કાન્તિવિજયજીનો સંપર્ક થયો. કાન્તિવિજયજી વિદ્યાનુરાગી ને વિદ્વતા તેમ જ વિદ્વાનને પ્રેરણા આપનાર હતા. પાટણ અને અન્યત્ર પ્રાચીન ગ્રંથ-ભંડારોનો લાભ એમની સહાય-સગવડથી પ્રાપ્ત થયો. ચતુરવિજયજી, જેવો કાન્તિવિજયજીના શિષ્ય હતા. તેમનો સંપર્ક મુનિજીને થયો. તેઓ સંશોધનપ્રિય હતા, અનેક જૈન ગ્રંથ ભંડારોના સમુદ્ધારક હતા, સાથેસાથે આગમ પ્રભાકર મુનિજી પુણ્યવિજયજીના પરમ સુહ્દય બન્યા. એમની નિર્મળ પ્રીતિ ને જ્ઞાનભક્તિ મુનિજી માટે પ્રેરક બળ હતું. મુનિ જિનવિજયજીએ ઈ. સ., ૧૯૧૨ (સં. ૧૯૬૮)નો ચાતુર્માસ શ્રી કાન્તિવિજયજી સાથે સુરતમાં, ઈ. સ., ૧૯૧૩ (સં. ૧૯૬૯)નો ડભોઈમાં તેમજ ઈ. સ., ૧૯૧૪

(સં. ૧૯૭૦)નો ચાતુર્માસ પાટણમાં કર્યો. ચાતુર્માસ પછી પાટણના એક ધનિક શેઠે કેસરિયાજી (મેવાડ)ની યાત્રાનો સંઘ કાઢ્યો એમાં જોડાયા. ઈ. સ., ૧૯૧૫ (સં. ૧૯૭૧)માં મહેસાણા ચાતુર્માસ કર્યો. ત્યાંથી પાલણપુર ગયા ને ફરી પાછો ઈ. સ., ૧૯૧૬ (સં. ૧૯૭૨)નો ચાતુર્માસ પાટણમાં કર્યો. પાટણનો ગ્રંથભંડાર એમનું તીર્થ હતું. શ્રી ચિમનલાલ દલાલનો પરિચય જિનવિજયને અહીં થયો. એ પરિચય પાછળથી વડોદરાની ગાયકવાડ ઑરિયેન્ટલ સિરીઝનાં સંપાદનો વખતે વધુ ગાઢ બન્યો. વૈયાકરણ શાકટાયન વિશેનો પ્રથમ લેખ મુનિજીએ પાટણમાં લખ્યો. એ લેખ હિન્દી માસિક 'સરસ્વતી' (જાન્યુ., ૧૯૧૬)માં પ્રગટ થયો. પાટણના ગ્રંથ ભંડારમાંથી મળેલી પ્રાચીન ગુજરાતીની હસ્તપ્રત 'નેમિનાથ રાજીમતી બારમાસ' વિશેનો સંશોધિત લેખ 'જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ હેરલ્ડ'માં પ્રકાશિત થયો. મુનિજીની લખવા-વાંચવાની તીવ્ર જિજ્ઞાસા એટલી પ્રબળ કે સમયનો યોગ્ય ઉપયોગ કરવો પડે. રાત્રે જૈન સાધુથી દીવાથી વંચાય નહીં, કરવું શું? એમણે પંડિત સુખલાલજી પાસે બેટરી મંગાવી. પંડિતજીએ નોંધ્યું છે કે તિલકમંજરીના કર્તા ધનપાલ વિશેનો લેખ મુનિ જિનવિજયજીએ પાટણમાં બેટરીના પ્રકાશમાં લખેલો.

જિનવિજયજીનો એ પછી વડોદરા નિવાસ થતાં, ત્યાં જૈન ભંડારોમાં અત્રતત્ર વેરાયેલી પડેલી ઐતિહાસિક સાધનસામગ્રીનું યોગ્ય સંપાદન કરી પ્રગટ કરવાના પુણ્ય હેતુથી શ્રી પ્રવર્તકજીની પુનિત સ્મૃતિમાં 'પ્રવર્તક કાન્તિવિજય જૈન ઐતિહાસિક ગ્રંથમાળા'નો આરંભ કર્યો.

મુનિજીને પાટણ ગ્રંથભંડારમાંથી જેની એક માત્ર સંપૂર્ણ તાડપત્રીય પ્રતિ મળી હતી તે, સોમપ્રભાચાર્યકૃત 'કુમારપાલપ્રતિબોધ' (પ્રાકૃત ગ્રંથ)નું સંપાદન આ સિરીઝ અન્વયે થયું. આ ગ્રન્થમાંના અપભ્રંશ અંશોનું અધ્યયન કરીને જર્મન વિદ્વાન ડૉ. આલ્સફૉર્ડે પોતાનો શોધપ્રબંધ તૈયાર કર્યો હતો. આ ગ્રંથમાળા અન્વયે મુનિજીએ 'કૃપારસકોશ', 'વિજ્ઞપ્તિત્રિવેણી', 'શત્રુંજય તીર્થોદ્ધાર પ્રબંધ', 'પ્રાચીન જૈન લેખસંગ્રહ ભાગ ૧-૨', 'જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્યસંચય', 'દ્રૌપદીસ્વયંવર નાટક' આદિ ઐતિહાસિક તથા સાહિત્યિક ગ્રંથોનાં સંપાદનો કર્યાં. આ સંપાદનોમાં મુનિ જિનવિજયજીની વિશદ, અભ્યાસપૂર્ણ પ્રસ્તાવનાઓ તેમ જ ખૂબ જ મહત્ત્વની સંદર્ભનોંધો છે. મુનિજીની વિરલ પર્યેષક પ્રતિભાનો પરિચય એનાથી થાય છે.

આપણે આગળ જોયું એમ ગૂજરાત વિદ્યાપીઠના નિવાસ દરમિયાન પૂનાની સંસ્થાઓ સાથે પણ મુનિશ્રી જોડાયેલા હતા. ઈ. સ., ૧૯૨૦ (વિ. સં. ૧૯૭૭)માં એમણે પૂનામાં 'જૈન સાહિત્ય સંશોધક' નામે ત્રૈમાસિક શરૂ કર્યું. એની પૂર્વે 'જૈન સાહિત્ય સંશોધક સમિતિ'ની સ્થાપના કરી. લગભગ પાંચ વર્ષ આ પત્રિકાનું પ્રકાશન ચાલ્યું. પંડિત સુખલાલજીએ પત્રિકા વિશે આ રીતે નોંધ કરી છે: 'જૈન સમાજના કોઈ પણ પંથમાં આ કોટિની પત્રિકા આજ સુધી પ્રગટ થઈ નથી. આ પત્રિકામાં જૈન સાહિત્ય મુખ્ય હોવા છતાં એની પ્રતિષ્ઠા જૈનેતર વિદ્વાનોમાં વધારે છે. એનું કારણ એની તટસ્થતા તેમજ ઐતિહાસિક પરિપૂર્ણતા છે.'

જૈન સાહિત્ય સંશોધક સમિતિ દ્વારા મુનિજીનાં સંપાદિત પુસ્તકોની યાદી પુસ્તિકાના અંતમાં મૂકી છે.

આપણે એ પણ જોયું કે ઈ. સ., ૧૯૨૫માં જર્મન વિદ્વાન ડૉ. શુબ્રિંગ ભારત આવ્યા ત્યારે મુનિજીને વિદ્યાપીઠમાં મળેલા. ગુજરાત પુરાતત્ત્વ મંદિર તેમ જ વિદ્વદ્‌મંડળીનાં કાર્યો વિશે તેમણે નોંધ કરેલી. એમણે મુનિજીને જર્મની જવાનું આમંત્રણ આપેલું. ઈ. સ., ૧૯૨૮માં મહાત્મા ગાંધીજીની અનુમતિ લઈને મુનિજી મે માસમાં મુંબઈથી સ્ટીમર દ્વારા પૅરિસ થઈને લંડન ગયા. જો કે મહાત્મા ગાંધીએ વિદ્યાપીઠની પુનર્રચના કરી ને પ્રતિજ્ઞાપત્ર ભરવાનું ફરજિયાત કર્યું. એમાં એમણે વિદ્યાપીઠ સંદર્ભે કહ્યું કે, કેવળ અહિંસાથી જ ભારત સ્વરાજ્ય પ્રાપ્ત કરી શકાશે. મુનિજી બંધનો પ્રત્યે વિદ્રોહી હતા, તેથી વિદ્યાપીઠની સેવાઓથી મુક્ત થવા જ માગતા હતા. તેઓ લંડન દોઢ વર્ષ રહ્યા. ત્યાંથી એમણે શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈ પર પત્રો લખ્યા. જે ‘જૈનયુગ’માં જૂન, ’૨૮થી ડિસે. ’૮૮ના અંકોમાં પ્રગટ થયા છે, એનું સંપાદન ટૂંક સમયમાં બહાર પડશે.

જર્મનીમાં મુનિજી વિવિધ વિશ્વવિદ્યાલયોમાં પ્રાચ્ય વિદ્યાના વિદ્વાનોને મળ્યા. મુનિજીને લાગ્યું કે ભારત સંબંધી વિચારવિનિમિય માટે એકાદ કેન્દ્રની જરૂરિયાત છે, તેથી તેમણે ભારત-જર્મની વચ્ચે મિત્રતા વધારવા રાષ્ટ્રીય ભાવનાયુક્ત મુસ્લિમ મિત્રની સહાયતા લઈને ‘હિંદુસ્તાન હાઉસ’ સંસ્થાનની સ્થાપના કરી. એનું ઉદ્‌ઘાટન ૨૪ ઑગસ્ટ, ૧૯૨૮ના રોજ શ્રી શિવપ્રસાદ ગુપ્તાને વરદ્‌હસ્તે થયું.

ઈ. સ., ૧૯૨૯ના ડિસેમ્બર મહિનામાં ભારત પાછા ફરીને મુનિજી લાહોર કૉંગ્રેસ અધિવેશનમાં ગયા. પૂર્ણ સ્વાધીનતાના પ્રસ્તાવનો સ્વીકાર કર્યો. ફરી જર્મની જવાનો વિચાર હતો, પણ ગાંધીજીએ ભારતમાં એમની આવશ્યકતા વધુ છે એમ કહ્યું, તેથી ભારતમાં જ રહ્યા. કલકત્તાના જૈન સાહિત્યાનુરાગી શ્રી બહાદુરસિંહ સિંઘીના આમંત્રણથી ઈ. સ., ૧૯૩૦માં કલકત્તા ગયા. ત્યાંથી ટાગોરની સંસ્થા 'શાંતિનિકેતન' ગયા. ત્યાં ક્ષિતિમોહન સેનને મળ્યા. શાંતિનિકેતનથી પાછા ફરતાં સિંઘીજીના આગ્રહથી, શ્રી સિંઘી જૈન ગ્રંથમાળા શરૂ કરવાનું નક્કી કર્યું. એ માટે સિંઘી જૈન જ્ઞાનપીઠની સ્થાપનાની યોજના તૈયાર કરી. વચ્ચે ૧૨ માર્ચે ગાંધીજી સાથે નમક સત્યાગ્રહમાં 'દાંડીકૂચ'માં પંચોતેર સ્વયંસેવકો સાથે પોતે જોડાયા. અમદાવાદના સ્ટેશને જ એમને ગિરફતાર કરવામાં આવ્યા. છ માસની કારાવાસ જેલ થઈ. એક રાત વરલી જેલમાં ને પછી નાસિક જેલમાં લઈ જવામાં આવ્યા. ત્યાં શ્રી જમનાલાલ બજાજ, શ્રી નરીમાન, ડૉ. ચોક્સી, શ્રી રણછોડભાઈ શેઠ, શ્રી મુકુંદ માલવિયા સાથે હતા. ત્યાં જ શ્રી ક. મા. મુનશીનો પરિચય થયો. ઈ. સ., ૧૯૮૬ની વિજયાદશમીએ જેલમાંથી છૂટ્યા. ઈ. સ., ૧૯૩૦ના ડિસેમ્બરમાં શાંતિનિકેતનમાં 'સિંઘી જૈન જ્ઞાનપીઠ' તેમ જ 'સિંઘી જૈન ગ્રંથમાળા'નો પ્રારંભ કર્યો. પહેલો ગ્રંથ 'પ્રબંધ ચિંતામણિ' પ્રગટ કર્યો. શાંતિનિકેતન મુનિજી ત્રણ વર્ષ રહ્યા. ત્યાંનું વાતાવરણ અનુકૂળ ન રહેતાં, સ્વાસ્થ્ય ઉપર અસર થઈ. ત્યાં ક. મા. મુનશીએ મુંબઈમાં ભારતીય વિદ્યાભવનની

સ્થાપના કરી. શ્રી ક. મા. મુનશીના આગ્રહથી મુનિજી વિદ્યાભવન સાથે જોડાયા. સિંઘી જૈન ગ્રંથમાળાનું કાર્યાલય પણ વિદ્યાભવનમાં ખસેડ્યું.

આચાર્યશ્રી જિનહરિસાગરના નિમંત્રણથી મુનિજી ૩૦ નવે. ૧૯૪૨ના રોજ જેસલમેર ગયા. ત્યાં પાંચ મહિના રહ્યા. ૨૦૦ ગ્રંથોની પ્રતિલિપિ તૈયાર કરાવી. ૧ મે ૧૯૪૩ના દિવસે પાછા અમદાવાદ આવ્યા. ત્યાંથી મુંબઈ જઈ ફરી પોતાના કામમાં લાગી ગયા. ઈ. સ., ૧૯૪૫માં ક. મા. મુનશી સાથે ઉદયપુરના મહારાણાની ઇચ્છા પ્રમાણે પ્રતાપ વિશ્વવિદ્યાલયની યોજના બનાવી પણ દેશી રાજ્યોના વિલીનીકરણમાં તે સંસ્થા વિલીન થઈ ગઈ. જિનવિજયજીના વિચારો બદલાયા. શરીરશ્રમ, અન્ન ઉત્પાદન અને સ્વાવલંબન પ્રતિ જોક વધ્યો. માતાની સેવા ન કરી શક્યા પણ માતૃભૂમિની સેવા કરવાની ઇચ્છા થઈ. રાણા પ્રતાપ, મીરાંબાઈ તેમજ આચાર્ય હરિભદ્રસૂરિની ભૂમિ પ્રત્યે વિશેષ આકર્ષણ થયું. ચિતોડ પાસે ચંદેરિયામાં ૨૮ એપ્રિલ, ૧૯૫૦ના રોજ – રાજસ્થાન પ્રાચ્યવિદ્યા પ્રતિષ્ઠાન – સર્વોદય સાધના આશ્રમની સ્થાપના કરી. એ સમયગાળામાં રાજસ્થાન પુરાતત્ત્વ મંદિરની યોજના તૈયાર કરી અને ૧૩ મે, ૧૯૫૦ના રોજ સંસ્થાની સ્થાપના કરી અને મુનિજીને સમ્માન સાથે સંચાલક તરીકે નિયુક્ત કર્યા. મુનિજીની શક્તિ બે પ્રકારનાં કામોમાં વહેંચાઈ ગઈ. ખેતી કરવી અને આવાસ ઊભાં કરવાં તેમ જ પુરાતત્ત્વ ભંડારની પ્રવૃત્તિ તેમ જ કાર્યોને વેગ આપવો. ઈ. સ., ૧૯૫૨માં મુનિની જર્મનીની વિશ્વવિખ્યાત ઑરિએન્ટલ સોસાયટીના આદરપાત્ર સદસ્ય તરીકે પસંદગી થઈ.

ઈ. સ., ૧૯૬૧માં ભારત સરકારે મુનિજીને પદ્મશ્રીની ઉપાધિથી નવાજ્યા. ભારતીય વિદ્યા અને પુરાતત્ત્વની, સામાન્યતઃ રાજસ્થાનના પુરાતત્ત્વ તેમ જ જૈન વિદ્યાની પ્રાચીન સામગ્રી, એનું અધ્યયન-પ્રકાશનનું વિશાળ, મૌલિક અને ઐતિહાસિક કાર્ય મુનિજીએ કર્યું. મુનિજી માત્ર વિદ્વાન કે પુરાતત્ત્વવિદ નહોતા, તે સ્વયં આંદોલન હતા, સંસ્થા હતા. વીર પ્રકૃતિના હતા. એમના વિદ્યાતપનું આ સમ્માન હતું. ઈ. સ., ૧૯૫૮માં રાજસ્થાન સરકાર દ્વારા જોધપુરમાં નવીન ભવનનું ઉદ્દઘાટન તત્કાલીન મુખ્યમંત્રી શ્રી મોહનલાલ સુખડિયાના હાથે થયું. જે વિદ્યાકેન્દ્ર ભારતીય વિદ્યા અને પુરાતત્ત્વ સંબંધિત હસ્તપ્રતો તેમ જ મુદ્રિત ગ્રંથો માટે દેશભરમાં જાણીતું થયું. મુનિજી ઈ. સ., ૧૯૬૭માં એ સંસ્થાના સંચાલક તરીકેની જવાબદારીમાંથી મુક્ત થયા. મુનિજીએ ઈ. સ., ૧૯૫૦માં સ્થાપેલા સર્વોદય આશ્રમને રાજસ્થાનની સંત વિનોબાની પદયાત્રા વખતે તેમને અર્પણ કરી દીધો. આશ્રમ સામે મુનિજીએ નિવાસસ્થાન બનાવ્યું તેમજ સર્વ દેવાયતન મંદિર બનાવ્યું. જેમાં વૈદિક, જૈન તથા બૌદ્ધ દેવ-દેવીઓની સ્થાપના કરી. સર્વ ધર્મ સમભાવનું એ સુંદર વ્યાવહારિક પ્રતીક બની રહ્યું.

રાજસ્થાન સાહિત્ય અકાદમી (સંગમ), ઉદયપુરે મુનિજીને એમની સરસ્વતી સાધના માટે 'મનીષી' ઉપાધિથી અલંકૃત કર્યા. એ સમ્માન ૧૯ નવે., ૧૯૬૪ના દિવસે અપાયું. કટોકટી વખતે મુનિજીએ એમને મળેલો પદ્મશ્રીનો ઈલ્કાબ સરકારને પરત કર્યો હતો.

કર્મ અને શ્રમમાં અનોખી નિષ્ઠા સેવી, અવિરત

વિદ્યાના ઉપાસક એવા સંસ્થા સ્વરૂપ મુનિજીએ બીજી જૂન, ૧૯૭૬ના રોજ અમદાવાદના પોતાના નિવાસસ્થાન 'અનેકાન્ત વિહાર'માં ૮૮ વર્ષની ઉંમરે પોતાનો દેહ છોડ્યો. એમની ઇચ્છા પ્રમાણે એમનો પાર્થિવ દેહ ચિતોડ જોડે એમના ચંદેરિયા આશ્રમમાં લઈ જવાયો હતો. ૩ જૂન, ૧૯૭૬ પાર્થિવ દેહ ચંદેરિયા પહોંચ્યો. ૪ જૂનની સવારે ચિતોડ સ્થિત હરિભદ્રસૂરિ સ્મૃતિ મંદિરના વિશ્રામ ભવનમાં દેહ લાવવામાં આવ્યો. દેશભરમાંથી વરિષ્ઠ મહાનુભાવોએ શ્રદ્ધાંજલિ આપી. છેવટે સર્વોદય આશ્રમમાં ચંદનકાષ્ઠની ચિતા તૈયાર કરી, અંતિમ વિધિ થયો.

## મુનિ જિનવિજયજીનો અક્ષરદેહ

**I. राजस्थान पुरातन ग्रन्थमाला**

१. त्रिपुराभारती लघुस्तव (संपा.)
२. कर्णामृत प्रपा (संपा.)
३. बालशिक्षा-व्याकरण (संपा.)
४. प्रमाण-मंजरी
५. यन्त्रराज-रचना
६. महर्षिकुलवैभवम् (मूल व वृत्ति) ग्रन्थांक ६ व ५९
७. वृत्ति दीपिका
८. राजविनोद महाकाव्य
९. तर्कसंग्रह
१०. प्राकृतानन्द (संपा.)
११. कान्हड़दे-प्रबन्ध
१२. उक्ति-रत्नाकर (संपा.)
१३. क्यामखां रासा
१४. कूर्मवंशयशप्रकाश (लावारासा)
१५. श्रृङ्गारहारावली

१६. कृष्णगीति
१७. नृत्तसंग्रह
१८. कारकसम्बन्धोद्योत
१९. शब्दरत्न-प्रदीप
२०. चक्रपाणिविजय महाकाव्य
२१. बांकीदास री ख्यात
२२. दुर्गापुष्पाञ्जलि
२३. दशकण्ठवध
२४. नृत्यरत्न कोश - (ग्रन्थांक २४ व २५)
२५. कर्ण-कुतूहल
२६. राजस्थानी-साहित्य-संग्रह (भाग-१)
२७. वासवदत्ता कथा
२८. ईश्वरविलास महाकाव्य
२९. पद्यमुक्तावली
३०. राजस्थान में संस्कृत साहित्य की खोज
३१. जुगलविलास
३२. वीरवांण
३३. कवीन्द्रकल्पलता
३४. गोरा-बादल पद्मिनी चौपई (संपा.)
३५. वसन्तविलासफागु
३६. स्वयंभूच्छन्द
३७. पदार्थरत्नमञ्जूषा
३८. चान्द्रव्याकरण
३९. गोरा-बादिल-चरित्र (श्री हेमरतन विरचित)
४०. रसदीर्धिका
४१. भगतमाल
४२. वस्तुरत्न कोश
४३. काव्यप्रकाश (भाग १ व २)
४४. मुंहता नैणसी री ख्यात
४५. रघुवर जस प्रकाश
४६. राजस्थानी-साहित्य-संग्रह भाग-२

४७. राजस्थानी-साहित्य-संग्रह भाग-३
४८. श्रीभुवनेश्वरीमहास्तोत्रम्
४९. सूरजप्रकाश
५०. रत्नपरीक्षादि सप्तग्रन्थ-संग्रह
(સામગ્રી સંપાદનકર્તા શ્રી ભંવરલાલ નાહટા છે.)
५१. वृत्तिजातिसमुच्चय
५२. कविदर्पण
५३. नेहतरंग
५४. एकाक्षरनामकोश संग्रह
५५. हम्मीर महाकाव्यम् (નયનચંદ્રસૂરિ વિરચિત)
५६. मत्स्यप्रदेश की हिन्दी साहित्य को देन
५७. इन्द्रप्रस्थ-प्रबन्ध
५८. बुद्धिविलास
५९. रुक्मिणी-हरण
६०. सन्तकवि रज्जब
६१. भक्तमाल सटीक
६२. पश्चिमी भारत की यात्रा
६३. विन्हैरासो
६४. सोढ़ायण
६५. नन्दोपाख्यान (संपा.)
६६. राठौड वंश री विगत एवं वंशावली
६७. कविकौस्तुभ (संपा.)

## II. सिंघी जैन ग्रन्थमाला

१. प्रबन्ध चिन्तामणि भाग-१
२. प्रबन्ध चिन्तामणि भाग-२ हिन्दी भाषन्तर
३. प्रबन्धकोश (प्रथम भाग)
४. विविधतीर्थकल्प (प्रथम भाग)
५. पुरातनप्रबन्ध संग्रह (मूलपाठ)
६. प्रभावक चरित (प्रथम भाग-मूल ग्रन्थ)
७. जैन पुस्तक प्रशस्ति संग्रह (प्रथम भाग)
८. सन्देशरासक

९. कथाकोष प्रकरण भाग १-२
१०. कुवलयमाला
११. दि लाईफ ओफ हेमचन्द्राचार्य
१२. देवानन्द महाकाव्य
१३. श्रकलकग्रन्थत्रयम्
१४. भानुचन्द्रगणिचरित
१५. ज्ञानबिन्दु प्रकरण
१६. बृहत्कथाकोश
१७, रिष्ट समुच्चय
१८. दिग्विजयमहाकाव्य
१९. लीलाबाई (लीलावती)
२०. शतकत्रयादि-सुभाषित संग्रह
२१. धर्मोपदेशमाला विवरण
२२. धर्माभ्युदय महाकाव्य
२३. भद्रबाहु संहिता
२४. ज्ञानपंचमी कथा
२५. पउमसिरीचरिउ
२६. धूर्ताख्यान (प्राकृत) श्री हरिभद्राचार्यविरचित
धूर्ताख्यान (संस्कृत) श्री संघतिलकाचार्यविरचित
धूर्ताख्यान बालावबोध (गूर्जर)
२७. छन्दोनुशासन
२८. काव्यप्रकाश खण्डन
२९. उक्तिव्यक्ति प्रकरण
३०. राजसिद्धान्त
३१. विविधगच्छीय पट्टावली संग्रह
३२. खरतरगच्छ बृहद् गुर्वावलि
३३. कुमारपाल चरित संग्रह
३४. कीर्तिकौमुदी आदि वस्तुपालप्रशस्ति संग्रह
३५. सुकृतसंकीर्तन
३६. जम्बूचरित
३७. विज्ञप्ति लेख-संग्रह

३८. विवेकविलास टीका - भानुचन्द्र गणि कृत
३९. वासवदत्ता टीका - सिद्धिचन्द्रोपाध्याय विरचित
४०. पुरातन रास-भासादि संग्रह (हिन्दी भाषान्तर)
४१. पुरातन प्रबन्ध संग्रह (हिन्दी भाषान्तर)
४२. जयपाहुडनाम (निमित्त शास्त्र)
४३. भद्रबाहु संहिता
४४. नर्मदा सुन्दरी कथा - महेन्द्र सूरि
४५. जिनदत्ताख्यानद्वय
४६. काव्यप्रकाश खण्डन
४७. धर्मोपदेश माला
४८. राजसिद्धांत - आचार्य कौटिल्य कृत अर्थशास्त्र

## III. कान्तिविजयजी इतिहासमाला-श्री जैन आत्मानन्द सभा

१. कृपारसकोश
२. शत्रुञ्जय तीर्थोद्धार प्रबन्ध
३. प्राचीन जैन लेख संग्रह, भाग १-२
४. जैन ऐतिहासिक, गुर्जरकाव्य संचय
५. द्रौपदी स्वयंवर (नाटक)
६. विज्ञप्ति त्रिवेणी - १८८४ ई.

## IV. गायकवाड ओरियण्टल सीरीज

- कुमारपाल प्रतिबोध

## V. गुजरात विद्यापीठ पुरातत्त्व मन्दिर

- प्राचीन जैन लेख संग्रह १९२१ ई.

## VI. जैन साहित्य संशोधन समिति, पूना

१. खरतरगच्छ पट्टावली संग्रह
२. आचारांग सूत्र
३. कल्प-व्यवहार-निशीथ सूत्राणि
४. जीतकल्पसूत्र
५. विजयदेव माहात्म्य

## VII. पुरातत्त्व मन्दिर ग्रन्थावली, अमहदाबाद

१. अभिधानप्प दीपिका - पालि शब्द कोश
२. प्राकृत कथा संग्रह
३. पालि पाठावली
४. प्राचीन गुजराती गद्य-सन्दर्भ

## VIII. सर्वोदय साधन आश्रम, चन्देरिया (चित्तौडगढ)

१. मेरी जीवन प्रपंच कथा - मुनि जिनविजय
२. मेरे दिवंगत मित्रो के कुछ पत्र

## IX. पत्रिका - सम्पादन व प्रकाशन

१. भारतीय विद्या
२. जन जागृति (हिन्दी-गुजराती), पूना
३. जैन साहित्य संशोधक (त्रैमासिक)
४. पुरातत्त्व

## X. लेख

१. वसन्त रजत महोत्सव स्मारक ग्रन्थ - १९२७
२. जैन इतिहासनी झलक
३. धनपाल विषयक लेख
४. नेमिनाथ राजीमती बारामासा
५. जैन श्वेताम्बर कॉन्फरन्स हेराल्ड
६. वैयाकरण शाकटायन (प्रथम लेख)
७. सत्त्वपरिपूर्ण समदर्शी जीवन - ज्ञानांजलि, मुनि श्री पुण्यविजयजी अभिवादन ग्रन्थ-बडोदरा, १९६९
८. हरिभद्राचार्यस्य समयनिर्णय - अखिल भारतीय प्राच्य-सम्मेलन, बम्बई, १९४४

**પરિચય ટ્રસ્ટ**

મૂળ સ્થાપકો

પં. સુખલાલજી ઉમાશંકર જોશી

મહેન્દ્ર દેસાઈ કિસનલાલ દીવાનજી

જયવદન તક્તાવાલા અને વાડીલાલ ડગલી

●

વર્તમાન ટ્રસ્ટીઓ

ચૅરમૅન

નવીનભાઈ દવે

ઉત્પલ ભાયાણી ગોપાલ દવે

ધીરુભાઈ મહેતા

(સહયોગ: ઇમેજ પબ્લિકેશન્સ પ્રા. લિ.)

---

***દર મહિનાની બે લેખે વર્ષની ૨૪ પુસ્તિકાઓ***

***છૂટક નકલ: રૂ. ૨૦***

***વાર્ષિક લવાજમ: રૂ. ૪૦૦ ● ત્રણ વર્ષનું લવાજમ: રૂ. ૧૦૦૦***

***પાંચ વર્ષનું લવાજમ: રૂ. ૧૮૦૦***

---

લવાજમનું વર્ષ: જાન્યુઆરીથી ડિસેમ્બર લવાજમ રોકડા, મનીઑર્ડર અથવા ચેક/ડ્રાફ્ટથી નીચેના સરનામે મોકલી શકાય છે:

**પરિચય ટ્રસ્ટ**

મહાત્મા ગાંધી મેમોરિયલ બિલ્ડિંગ,

નેતાજી સુભાષ રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨

ફોન: ૨૨૮૧ ૪૦૫૯ ફૅક્સ: ૨૨૦૦૧૩૫૮

Email : parichay.trust@gmail.com

**ઇમેજ પબ્લિકેશન્સ પ્રા. લિ.**

૧૯૯-૧ ગોપાલ ભુવન, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૪૦૦ ૦૦૨

ફોન : ૨૨૦૦ ૨૬૯૧, ૨૨૦૦ ૧૩૫૮


૧-૨, સેન્ચૂરી બજાર, આંબાવાડી સર્કલ, અમદાવાદ ૩૮૦ ૦૦૬

ફોન: ૨૬૫૬ ૦૫૦૪, ૨૬૪૪ ૨૮૩૬

Email : imageabad1@gmail.com

## વર્ષ ૫૯: ૨૦૧૭માં પ્રકાશિત થનારી પરિચય પુસ્તિકાઓ

| | | |
|---|---|---|
| ૧૩૯૩ | પરિવહન: પડકારો અને સલામતી | કે. ટી. મહેતા |
| ૧૩૯૪ | વિશ્વનાં અદ્‌ભુત મ્યુઝિયમો-૧ | સુધીર શાહ |
| ૧૩૯૫ | હિમાલય | ભાણદેવ |
| ૧૩૯૬ | આર્ષદ્રષ્ટા: એલ્વિન ટોફ્લર | ધીરજ એન. છેડા |
| ૧૩૯૭ | સર્વવ્યાપી ડિજિટલ | ચિંતન ભટ્ટ |
| ૧૩૯૮ | સિસ્ટર નિવેદિતા | ગુલાબભાઈ જાની |
| ૧૩૯૯ | પરમવીર ચક્ર વિજેતા | રવીન્દ્ર અંધારિયા |
| ૧૪૦૦ | નકશા કેવી રીતે બને છે? | જયંતી શાહ |
| ૧૪૦૧ | જૈન સંઘના પ્રતિભાશાળી વિદ્વાનો | પૂજ્ય આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરિજી |
| ૧૪૦૨ | સનત મહેતા | ડંકેશ ઓઝા |
| ૧૪૦૩ | જવાંમર્દ પત્રકાર અમૃતલાલ શેઠ | રાજેન્દ્ર દવે |
| ૧૪૦૪ | લેટીનો અમેરિકાના દેશો | ત્ર્યંબક પંડ્યા |
| ૧૪૦૫ | ગાંધીજીનું પરિભ્રમણ | જિતેન્દ્ર દવે |
| ૧૪૦૬ | પંચતંત્રનો નારીદ્વેષ | યશવન્ત મહેતા |
| ૧૪૦૭ | બિમલ રૉય | અમૃત ગંગર |
| ૧૪૦૮ | GST : સંકલ્પના અને સમજ | શૈલેશ શેઠ |
| ૧૪૦૯ | ફેમા એક વિહંગાવલોકન | કિશોર ભટ્ટ |
| ૧૪૧૦ | શ્વસનક્રિયા અને દમની સારવાર | કિશોર પંડ્યા |
| ૧૪૧૧ | સ્વપ્રતિકારના રોગો | કિરણ શીંગ્લોત |
| ૧૪૧૨ | બનારસના ઘાટ: ચૈતન્યની ચૌર્યાસી કેડીઓ | સુભાષ ભટ્ટ |
| ૧૪૧૩ | રોકાણો સામેનાં જોખમોને સમજો | ગૌરવ મશરૂવાળા |
| ૧૪૧૪ | ઈજાઓમાં હોમિયોપથી અને પ્રાથમિક ઉપચાર પેટી | ડૉ. બી. એમ. વિઠલાણી |
| ૧૪૧૫ | પુરાતત્ત્વાચાર્ય મુનિ શ્રી જિનવિજયજી | રમેશ ઓઝા |
| ૧૪૧૬ | વનસ્પતિજન્ય આહાર અને આપણું સ્વાસ્થ્ય | ડૉ. રૂપા શાહ |



રમેશ આત્મારામ ઓઝાનો જન્મ ૧૧-૧૦-૧૯૫૩માં. મહેસાણા જિલ્લાનું વડનગર એ એમનું વતન. વડનગર, વિસનગર તેમ જ અમદાવાદમાં રહી અભ્યાસ કર્યો. શિક્ષક થયા. શિક્ષક તરીકે ખાસ્સો અનુભવ મેળવ્યા પછી ગુજરાતીના આરૂઢ વિદ્વાન શ્રી જયંતભાઈ કોઠારીના હાથ નીચે પીએચ.ડી. માટે અભ્યાસ કર્યો. 'ગુજરાતી કવિતા: કૃતિનિષ્ઠ અર્થઘટન અને આસ્વાદ: એક સમીક્ષાત્મક અધ્યયન' એ એમનો પીએચ.ડી. માટેનો વિષય હતો. પીએચ.ડી.ની ડિગ્રી તેમણે ૧૯૯૫માં મેળવી. રમેશભાઈને પહેલેથી જ કવિતા અને ભાષાવિષયક સંશોધનમાં ભારે રસ. કવિતા અંગેનું કામ તેમના પીએચ.ડી. મહાનિબંધમાં પ્રગટ થયું. મૂર્ધન્ય વિદ્વાન શ્રી હરિવલ્લભ ભાયાણીના હાથ નીચે મધ્યકાલીન કવિ ગણપતિની 'માધવાનલ કામ કંદલા કથા'નો અભ્યાસ કરી. અનુવાદ, વ્યાકરણ તેમ જ શબ્દસૂચિ તૈયાર કર્યાં.

રમેશભાઈના ભાષાવિષયક કાર્યને કારણે તેમને પાઠ્યપુસ્તક મંડળમાં લેખક, સમીક્ષક તેમજ વિષય સલાહકાર તરીકે લેવામાં આવ્યા હતા. તેમણે કવિતાઓ લખી છે અને લેખો પણ કર્યા છે. તે સાહિત્ય ગુજરાતના પ્રતિષ્ઠિત સામયિકોમાં પ્રગટ થતું રહ્યું છે.

'ભારતની લોકકથાઓ', 'ચાર કથાસાર', 'મહુવાની માટીની મહેક', 'ઋષિકથા', 'પ્રવચનો', 'વ્યક્તિત્વનો સંવાદ', 'ગુજરાતી ભાષાનો રૂઢિપ્રયોગ કોશ (વાક્યરચના સાથે)', 'ગુજરાતી વ્યાકરણ અને લેખન', 'આપણા નરેન્દ્રભાઈ' એમનાં નોંધપાત્ર પુસ્તકો છે. 'Harivallabh Bhayani : A Man of Letters' સંપાદન એમણે શ્રી મહેશભાઈ દવે સાથે કર્યું. અંગ્રેજી તેમ જ ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલી જીવનચરિત્ર શ્રેણી અન્વયે 'રાજા રામ મોહનરાય', 'સ્વામી વિવેકાનંદ', 'એ.પી.જે. અબ્દુલ કલામ', 'રવીન્દ્રનાથ ટાગોર', 'ઇન્દિરા ગાંધી', 'ચાણક્ય', 'બાબાસાહેબ આંબેડકર' વિશે પુસ્તિકાઓ પ્રગટ થઈ છે. એ સિવાય 'હરિવલ્લભ ભાયાણી', 'જયંત કોઠારી', 'ધીરુભાઈ ઠાકર', વિશે ત્રણ પરિચય પુસ્તિકાઓ પ્રગટ થઈ છે. સુરેશ દલાલ સંપાદિત 'કવયિત્રી વિશ્વ' અને 'કાવ્યવિશ્વ'માં ભારતીય અને ભારતીયતર કવિતાના સુંદર અનુવાદો કર્યા. રમેશ ઓઝાએ, આમ, કૃતિશીલ શિક્ષક તરીકે, શબ્દસાધના સાથે બહુવિધ શૈક્ષણિક આયામો દ્વારા શિક્ષણ અને સંસ્કારસંવર્ધનનું યશસ્વી કાર્ય કર્યું છે.

---

**સરનામું:** ૩૩/૩૯૦, દર્શન ફ્લેટ્સ, નારણપુરા ટેલિફોન એક્સચેન્જ પાસે, શાસ્ત્રીનગર, અમદાવાદ-૩૮૦ ૦૬૩.
ફોન: ૦૭૯-૨૭૪૮૮૬૫૧

**PARICHAY PUSTIKA Registered under RNI GujGuj/2015/61733**
Date of publication : 15th of every Previous month. Rs.20/-
Registered under Postal Registration No. AHD-C./84/2017-2020 valid up to 31st December-2020 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 15th of every month

પરિચય પુસ્તિકા એટલે...

- ૧૩૯૦થી પણ વિશેષ પ્રગટ થયેલી માહિતીસભર પુસ્તિકાઓ એટલે પરિચય ટ્રસ્ટનો ૫૯ વર્ષથી ચાલી આવતો જ્ઞાન-પ્રસારનો યજ્ઞ.
- પરિચય ટ્રસ્ટની પરિચય પુસ્તિકા જેવી પ્રવૃત્તિ ભારતની કોઈ પણ ભાષામાં હજી સુધી થઈ નથી.
- જુદા જુદા વિષય પર લખાયેલી એક વર્ષની ૨૪ પુસ્તિકાઓ.
- રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય, કોઈ પણ ચિરંતન કે ધ્યાન ખેંચે એવી તત્કાલીન ઘટના પર કે કોઈ વિશિષ્ટ ઘટનાપુરુષ પર અધિકારી લેખકની કલમે લખાયેલી પુસ્તિકા.
- પરિચય પુસ્તિકા એટલે સ્વાસ્થ્ય, આહાર, વિજ્ઞાન, વ્યાપાર, સાહિત્ય, શિક્ષણ, રમતગમત, રાજકારણ, પ્રવાસ. ઉપરાંત વ્યક્તિ અને વિભૂતિઓની ચરિત્રરેખા... આમ વિષયવૈપુલ્ય અને વૈવિધ્ય.
- આવી પુસ્તિકાના કેન્દ્રમાં માહિતી હોય છે પણ કેવળ માહિતીનો અતિરેક નથી હોતો.
- પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ એટલે સીધી સરળ ભાષા – માહિતીથી જ્ઞાન તરફ જવાનો રાજમાર્ગ.
- શાળા-કૉલેજના વિદ્યાર્થી, શિક્ષક, પ્રાધ્યાપક તેમજ સામાન્યજન અને પ્રૌઢશિક્ષણ તથા શિક્ષણસાતત્ય માટે પૂરેપૂરી અનિવાર્ય આ તરસને સંતોષે એવી પરબ.

**Printed and Published by Ketanbhai Chandrashankar Joshi on behalf of Parichay Trust and Printed at Surya offset Bopal and Published from Ellishbridge. Editor Ketanbhai Chandrashankar Joshi**